

P.07

અક્ષય કુમાર પોતાના કરતાં 30 વરસ નાની મીનાક્ષી ચૌધરી સાથે જોડી જમાવશે

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

મહિલા પ્રધાન ફિલ્મ માટે નાગ અશ્વિને સાંઇ પલ્લવીનો સંપર્ક કર્યો



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૬૫ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો સુદ ૧૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 65 • Dt.06-10-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



એચ-૧બી વિઝા ફી ૧ લાખ ડોલર કરવા સામે ફેડરલ કોર્ટમાં કેસ 07





06 OCTOBER- 2025 MONDAY




07 જ્યોર્જિયામાં સરકારી વિરોધી દેખાવ । લોકોના ટોળાએ રાષ્ટ્રપતિ ભવનને ઘેર્યો






The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


**ભાવનગરમાં તહેવારોને લઇ સેફ્ટી વાનની કામગીરી સઘન બનાવાઇ**

## બોટાદમાંથી ફરસાણમાં વપરાતા ૧૦ લીટર બળી ગયેલ તેલનો જથ્થો અને પછી ટમેટો સોસનો પણ નાશ કરાયો

# અખાદ્ય ૧૦ લીટર તેલ અને ૫ લીટર કલર પાણીનો નાશ કર્યો

### ભાવનગર જિલ્લાના તાલુકા મથકો પરથી દુધના ૧૦૨, તેલના ૩૫, મરી મસાલાના ૧૨૭, કોલ્ડડ્રિંક્સના ૨૧ મળી કુલ ૩૧૯ નમૂના ચેક કરવામાં આવ્યા હતાં

। પ્રતિનિધિ, ભાવનગર,, તા.૫ ।

જિલ્લા ફુડ વિભાગ દ્વારા તહેવારોને લઇ ફુડ સેફ્ટી વાનની કામગીરી સઘન બનાવાઇ હતી અને જિલ્લાના મહુવા-તળાજામાંથી અખાદ્ય ૧૦ લી. તેલ તેમજ પાણીપુરીનું કલરવાળા ૫ લી. પાણીનો સ્થળ પર નાશ કરાયો હતો. આ સાથે બોટાદ શહેરમાંથી પણ ૧૦ લી. બળેલા તેલનો અને ૫ લી. ટમેટો સોસનો નાશ કરાયો હતો.મળતી વિગતો મુજબ જિલ્લા ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા ગત સપ્ટે. માસ દરમિયાન સ્થળ પર ચેકીંગ કરતી ફુડ સેફ્ટી વાન દ્વારા જિલલામાં સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી જે અંતર્ગત ભાવનગર જિલ્લાના તાલુકા મથકો પરથી દુધના ૧૦૨, તેલના ૩૫, મરી મસાલાના ૧૨૭, કોલ્ડડ્રિંક્સના ૨૧ મળી કુલ ૩૧૯ નમૂના ચેક કરવામાં આવ્યા હતાં. જ્યારે મહુવાના જાહેર રોડ પર પાણીપુરી વેચતા ફેરીયા પાસેથી અખાદ્ય પાંચ લીટર કલરવાળુ પાણી મળતા તેનો નાશ કરાયો અને તળાજામાં બળી ગયેલ ૧૦ લી. તેલના જથ્થાનો પણ નાશ કરાયો હતો. આ ઉપરાંત બોટાદ શહેરમાં આ સેફ્ટી વાન દ્વારા તેલના ૨૨, મીઠાઇના ૧૦, મરી મસાલાના ૮૫, સોડાના ૧૦ સેમ્પલ ટેસ્ટ કરાયા હતાં. જ્યારે બોટાદના ફરસાણની લારી ગલ્લાવાળા પાસેથી બળી ગયેલ ૧૦ લીટર તેલના જથ્થાનો અને અન્ય ખાણી પીણીવાળા પાસેથી અખાદ્ય પાંચ લી. ટમેટો સોસના જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

**મીઠાઇના ૮, ફરસાણના ૫, અન્ય ૧ અને બોટાદમાંથી દુધનો ૧, ખાદ્ય તેલનો ૧, મીઠાઇના ૪ અને ફરસાણનો ૧ મળી કુલ ૨૩ નમૂના લેબોરેટરી ટેસ્ટીંગ માટે મોકલ્યા**





આગામી દિવાળીના તહેવારો અંતર્ગત લોકોના આરોગ્યની સુખાકારી માટે સેફ્ટી વાનની કામગીરી વધુ સઘન બનાવવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.જિલ્લા ફુડ વિભાગ દ્વારા ગત માસમાં ભાવનગરમાંથી મીઠાઇના ૮, ફરસાણના ૫, અન્ય ૧ અને બોટાદમાંથી દુધનો ૧, ઘીનો ૧, ખાદ્ય તેલનો ૧, મીઠાઇના ૪ અને ફરસાણનો ૧ મળી કુલ ૨૩ નમૂના રેગ્યુલર મેળવી લેબોરેટરી ટેસ્ટીંગ માટે મોકલ્યા હોવાનું જણાયું છે.

## ન્યૂઝ બ્રિફ

### કાર વેચાણના 3 લાખ આંગડિયા પેઢીમાં ટ્રાન્સફર કરાવી લઇ છેતરપિંડી

। પ્રતિનિધિ, બાપોદ, તા.૫ ।

કાર વેચાણના રૂપિયા બારોબાર કાર ડિલરે મેળવી લઇને છેતરપિંડી કરી હોવાની ફરિયાદ બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે. જે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.આજવા રોડ અમરદીપ ટાઉનશિપમાં રહેતા જિજ્ઞોશકુમાર રણછોડભાઇ બારિયા કન્સ્ટ્રક્શનનું કામ કરે છે. તેના પિતા પોલીસ ડિપાર્ટમેન્ટમાંથી રિટાયર્ડ થયા છે.

બાપોદ પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, અમારા ઘર માટે અમે સેકન્ડ હેન્ડ કારની શોધમાં હતા. ઓ.એલ.એક્સ. પર એક કારનો ફોટો અને ડિટેલ મૂક્યા હતા. ગાડીના માલિક કિંજલભાઇ કનૈયાલાલ કોઠારી (રહે. આરાધ્યા ડિવાઇન, ભવન પાર્ટી પ્લોટની સામે, વાઘોડિયા રોડ) સાથે વાતચીત થઇ હતી. ગાડી મને પસંદ પડતા ૩.૨૦ લાખમાં સોદો નક્કી કર્યો હતો. કિંજલભાઇને બીજી ગાડી આપી નહતી અને પોતાનો મોબાઇલ બંધ કરી દીધો હતો. જેથી, કિંજલભાઇએ મને તેમની કાર આપી નહતી.

**જિલ્લા કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા**

# નવા તાલુકાની જાહેરાત સરકાર માટે માથાનો દુઃખાવો બની, વધુ એક જિલ્લાના ૧૦ ગામના લોકોનો વિરોધ

### શહેરા તાલુકો તેમના માટે નજીક પડે છે, જેના કારણે ગામોનો વિકાસ સરળતાથી થઇ રહ્યો છે

। પ્રતિનિધિ, ગોધર, તા.૫ ।

નવા તાલુકાની જાહેરાત સરકાર માટે માથાનો દુઃખાવો બની છે. કારણ કે વધુ એક જિલ્લાના ૧૦ ગામના લોકોએ પોતાના ગામનો અન્ય તાલુકામાં સમાવેશ કરવા મુદ્દે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. શહેરા તાલુકાના પાનમ ડેમ વિસ્તારના ૧૦ ગામનો સમાવેશ નવા રચાયેલા ગોધર તાલુકામાં કરવામાં આવતા, તમામ ૧૦ ગામના લોકોમાં ભારે રોષે ભરાયા હતા. આ નિર્ણયના વિરોધમાં ૧૦ ગામના આગેવાનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ આજે ગુરુવારે શહેરા ખાતે એકઠા થઇ વિરોધ નોંધાવ્યો હતો અને બાદમાં જિલ્લા કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા. પાનમ ડેમ વિસ્તારના બોરીયા, ચારી, મોર, ઉંડારા, ખૂટકર, કોઠા, આસુંદરિયા, અને જૂના ખેડા સહિતના ગામોના લોકોએ ભેગા મળીને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ ગ્રામજનોની મુખ્ય માંગણી છે કે તેમના ગામોનો સમાવેશ શહેરા તાલુકામાં જ યથાવત્ રાખવામાં આવે.



ગ્રામજનોએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, શહેરા તાલુકો તેમના માટે નજીક પડે છે, જેના કારણે ગામોનો વિકાસ સરળતાથી થઇ રહ્યો છે. સરકારી કચેરીઓ નજીક હોવાના કારણે વહીવટી કામકાજમાં સરળતા રહે છે. જો ગોધર તાલુકામાં સમાવેશ થાય તો લોકોને સરકારી કચેરીઓ અને અન્ય સુવિધાઓ માટે લાંબુ અંતર કાપવું પડેશે.

આ ઉપરાંત, આ ફેરફારથી શૈક્ષણિક સમસ્યાઓ ઊભી થવાની પણ ભીતિ ગ્રામજનોએ વ્યક્ત કરી છે. ૧૦ ગામના લોકોએ ૧ શહેરા તાલુકામાં રહેવાની પોતાની મજબૂત માંગણી દોહરાવી છે.

### ૨.૭૫ કરોડના વળતરની લાલચ આપી ૩૫.૩૦ લાખ પડાવી લીધા



। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

સેબીના બનાવટી દસ્તાવેજો ઇન્વેસ્ટરને મોકલી વિશ્વાસમાં લઇ ઓનલાઇન ટ્રેડિંગમાં ૨.૭૫ કરોડનું વળતર અપાવવાના બહાને ૩૫.૩૦ લાખ પડાવી લેવામાં આવ્યા હતા. જે અંગે સાયબર ક્રાઇમ પોલીસે ગુનો દાખલ કરી મોબાઇલ નંબરના આધારે તપાસ હાથ ધરી છે.ભાયલી રોડ સ્પ્રિંગ એક્ષોટિકામાં રહેતા અને ઇલેક્ટ્રિક કન્સલ્ટન્સીનું કામ કરતા ૬૧ વર્ષના જોયબ્રતો મુખરજી શાંતીમયે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૨૨મી તારીખે એક વોટ્સએપ ગ્રુપમાં જોડાવાનો મેસેજ આવતા હું ક્લિક કરીને ગ્રુપમાં જોડાયો હતો. તે ગ્રુપમાં ૯૩ મેમ્બર્સ હતા. નંબર પર્સનલ ચેટ કરીને જાણવા મળ્યું હતું કે, તેઓ એનજે ગ્રુપ સ્ટોક ટ્રેડિંગ કંપનીમાં કામ કરે છે.

**3 ફાયર ફાઇટરની ગાડી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી**

# પાલડીમાં ચિલ્ડ્રન હોસ્પિટલમાં આગ લાગી, ફાયર વિભાગે કાબૂ મેળવ્યો

### આગના બનાવને લઇને તાત્કાલિક ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે આવીને આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી હતી



। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી વૃંદાવન ચિલ્ડ્રન હોસ્પિટલમાં રવિવારે (૫ ઓક્ટોબર) આગનો બનાવ સર્જાયો હતો. હોસ્પિટલમાં આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જ્યારે આગના બનાવને લઇને તાત્કાલિક ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે આવીને આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, શહેરના પાલડીમાં હોસ્પિટલમાં આગ લાગતાં ૩ ફાયર ફાઇટરની ગાડી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવી લીધો હતો.

સમગ્ર ઘટનામાં કોઇ પ્રકારે જાનહાનિ ન થઇ હોવાનું સામે આવ્યું. જ્યારે ક્યાં કારણોસર આગ લાગી તેને લઇને જાણકારી મળી નથી, ત્યારે આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.


અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી વૃંદાવન ચિલ્ડ્રન હોસ્પિટલમાં રવિવારે (૫ ઓક્ટોબર) આગનો બનાવ સર્જાયો હતો. હોસ્પિટલમાં આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જ્યારે આગના બનાવને લઇને તાત્કાલિક ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે આવીને આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી હતી.મળતી માહિતી મુજબ, શહેરના પાલડીમાં હોસ્પિટલમાં આગ લાગતાં ૩ ફાયર ફાઇટરની ગાડી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવી લીધો હતો. સમગ્ર ઘટનામાં કોઇ પ્રકારે જાનહાનિ ન થઇ હોવાનું સામે આવ્યું. જ્યારે ક્યાં કારણોસર આગ લાગી તેને લઇને જાણકારી મળી નથી, ત્યારે આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.


**કુલ ૧૦ લોકો ઇજાગ્રસ્ત થયા** | **૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તમામ ઇજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા**

# ધોલેરા-ભાવનગર હાઇવે પર બે લક્ઝરી બસ વચ્ચે ટક્કર, ૩ની હાલત ગંભીર

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૫ ।

ધોલેરા-ભાવનગર હાઇવે પર રવિવારે (પાંચમી ઓક્ટોબર) વહેલી સવારે હેબતપુર ગામ નજીક એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બે લક્ઝરી બસ વચ્ચે જોરદાર ટક્કર થતા કુલ ૧૦ લોકો ઇજાગ્રસ્ત થયા છે, જેમાંથી ૩ મુસાફરોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે..મળતી માહિતી અનુસાર, બંને બસ વચ્ચે ટક્કર એટલી જોરદાર હતી કે ટક્કર લાગ્યા બાદ એક બસ પલટી મારી ગઇ હતી. અકસ્માત સર્જાતા જ મુસાફરોમાં ચીસાચીસ મચી ગઇ હતી અને આસપાસના લોકો મદદે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તમામ ઇજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ધોલેરા-ભાવનગર હાઇવે પર રવિવારે (પાંચમી ઓક્ટોબર) વહેલી સવારે હેબતપુર ગામ નજીક એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો.



## મૂર્તિ તોડી જંગલમાં ફેંકી દીધી

# ગિરનારના ગોરખનાથ મંદિરમાં તોડફોડ, ભક્તોમાં રોષ

**સમગ્ર ઘટનાથી ભાવિ ભક્તોમાં રોષ ભભુક્યો છે અને પ્રતિમાની તોડફોડ કરનાર સામે કડક સજાની માંગ કરવામાં આવી**

| પ્રતિનિધિ, ગિરનાર, તા.૫ |

ગિરનારના ગોરખનાથ મંદિરથી મોટા સમાચાર સામે આવ્યા છે. મોડી રાત્રે ૫૫૦૦ પગથિયા ઉપર આવેલા મંદિરમાંથી અજાણ્યા શખસો દ્વારા ગોરખનાથના મંદિરમાંથી મૂર્તિની તોડફોડ કરી જંગલ વિસ્તારમાં ફેંકી દેવામાં આવી હતી. સમગ્ર ઘટનાથી ભાવિ ભક્તોમાં રોષ ભભુક્યો છે અને પ્રતિમાની તોડફોડ કરનાર સામે કડક સજાની માંગ કરવામાં આવી રહી છે.સમગ્ર બાબતે શેરનાથ બાપુએ જણાવ્યું કે, ગિરનાર પર ૫૫૦૦ પગથિયા ઉફર ગિરનાર ગોરખનાથનું મંદિર આવેલું છે. રવિવારે (૫ ઓક્ટોબર) વહેલી સવારે ૩ થી ૪ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. જેમાં મૂર્તિ તોડનાર અસામાજિક તત્ત્વોએ સૌથી પહેલાં પૂજારીના રૂમનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો. પરંતુ, જ્યારે ઘોંઘાટ થયો તો અંદર સૂતેલા પૂજારીઓએ બારીમાંથી જોયું તો ૪-૫ માણસો તેમણે ભાગતા જોયા. વધુમાં તેમણે જણાવ્યું કે, આ અજાણ્યા શખસોએ ગોરખનાથજીની મૂર્તિને ખંડિત કરીને જંગલમાં નીચે ફેંકી દીધી હતી. હાલ, ખંડિત મૂર્તિ મળી ગઈ છે. કોણે અને કયા લોકોએ આ કૃત્ય કર્યું છે, તે વિશે હજુ સુધી કોઈ જાણકારી મળી નથી. પરંતુ, આ ઘટના બાદ લાખો લોકોની



લાગણીને ઠેસ પહોંચી છે. હાલ, આ સમગ્ર મામલે પોલીસમાં ફરિયાદ દાખલ કરવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે. આ સિવાય મૂર્તિ ખંડિત કરનાર સામે અસામાજિક તત્ત્વોને શોધીને કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તે અંગે માંગ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે, હજુ સુધી આ કૃત્ય કોણે અને શા માટે કર્યું તે વિશે કોઈ જાણકારી સામે આવી નથી. ગિરનારના ગોરખનાથ મંદિરથી મોટા સમાચાર સામે આવ્યા છે. મોડી રાત્રે ૫૫૦૦ પગથિયા ઉપર આવેલા મંદિરમાંથી અજાણ્યા શખસો દ્વારા ગોરખનાથના મંદિરમાંથી મૂર્તિની તોડફોડ કરી જંગલ વિસ્તારમાં ફેંકી દેવામાં આવી હતી. સમગ્ર ઘટનાથી ભાવિ ભક્તોમાં રોષ ભભુક્યો છે અને પ્રતિમાની તોડફોડ કરનાર સામે કડક સજાની માંગ કરવામાં આવી રહી છે.સમગ્ર બાબતે શેરનાથ બાપુએ જણાવ્યું કે, ગિરનાર પર ૫૫૦૦ પગથિયા ઉફર ગિરનાર ગોરખનાથનું મંદિર આવેલું છે.

## ધ્રોલ તાલુકાના રોજીયા ગામના યુવાનનો નદીમાં ઝંપલાવી આપઘાત

| પ્રતિનિધિ, જામનગર, તા.૫ |

જામનગર જિલ્લાના ધ્રોલ ગામની નદીમાં ઝંપલાવીને રોજીયા ગામના યુવાને આત્મહત્યા કરી લીધી હતી. પિતાએ અભ્યાસ બાબતે ઠપકો આપતાં યુવકે આ પગલું ભર્યુ હતું .ધ્રોલ તાલુકાના રોજીયા ગામમાં રહેતા સુનિલ વિક્રમભાઈ ડાંગરનો મૃતદેહ આજે સવારે ધ્રોલની બાવની નદીમાંથી મળી આવ્યો હતો. આ બનાવ અંગેની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસ કાફલો દોડી ગયો હતો .અને યુવકના મૃતદેહને પાણી માંથી બહાર કાઢી તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં એવું કારણ જાહેર થયું હતું કે સુનિલ ડાંગરને તેના પિતાએ અભ્યાસ બાબતે ઠપકો આપતાં તેને માઠુ લાગી જતાં નદીમાં ઝંપલાવીને આત્મહત્યા કરી લીધી હતી.

## મુલેરગામની ચોગલે સોલ્ટ કંપનીમાંથી બે બાળ મજૂરોને મુક્ત કરાવ્યા

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ |

એન્ટી હ્યુમન ટ્રાફિક ઈન યુનિટ દ્વારા ગઈ તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ વાગરા તાલુકાના મુલેરગામ ખાતે આવેલ ચોગલે સોલ્ટ વર્કર્સ પ્રા.લિ. કંપનીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અને કંપનીમાં ઢગલામાંથી મીઠું ઉતારવાનું કામ કરતા ઉત્તર પ્રદેશના ૧૬ વર્ષના સગીર તથા મીઠાના પેકેટ બનાવતા ઉત્તર પ્રદેશના ૧૭ વર્ષના સગીરને બાળમજૂરીમાંથી મુક્ત કરાવ્યા હતા. કંપનીના ડાયરેક્ટર પંકજ મહાવીરપ્રસાદતોડી (રહે-આંગન એક્લેવ, ઝાડેશ્વર, ભરૂચ) સામે ફરિયાદના આધારે વાગરા પોલીસે બાળમજૂર પ્રતિબંધ અધિનિયમ હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી. ૧૬ વર્ષના સગીર તથા મીઠાના પેકેટ બનાવતા ઉત્તર પ્રદેશના ૧૭ વર્ષના સગીરને બાળમજૂરીમાંથી મુક્ત કરાવ્યા હતા.

## યુવકને પીએસઆઇ હોવાનું જણાવી રિવોલ્વર બતાવીને ધમકી આપી હતી

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ |

અમદાવાદમાં ૧૦ લાખના રૂપિયા પડાવી લેવાના કેસના આરોપી પત્રકાર દિર્ઘાયુ વ્યાસનું વધુ એક પરાક્રમ સામે આવ્યું છે. જેમાં તેણે નિકોલમાં પાર્કિંગના મામલે એક યુવકને પોતાની ઓળખ પીએસઆઈ તરીકે આપીને રિવોલ્વર બતાવીને બળાત્કાર અને એટ્રોસિટીના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. છ મહિના પહેલા બનેલી આ ઘટનામાં યુવકે નિકોલ પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. પરંતુ, દિર્ઘાયુએ તેની ઓળખ નેતાઓથી માંડી ઉચ્ચ અધિકારીઓ સાથે હોવાનું કહીને ડરાવ્યા બાદ અરજી પરત લેવડાવી હતી. આ અંગે પોલીસે સીસીટીવી ફુટેજ અને અન્ય પુરાવાઓના આધારે તપાસ શરૂ કરી છે.એક જાણીતી મિડીયા હાઉસની વેબસાઈટમાં નોકરી કરતા પત્રકાર દિર્ઘાયુ વ્યાસ ક્રાઈમબ્રાંચમાં અરજીનો નિકાલ કરાવી આપવાનું કહીને રૂપિયા ૧૦ લાખ રૂપિયાનો તોડ કર્યાની ફરિયાદ નોંધાયા બાદ તેનો ટારગેટ બનેલા અનેક લોકોએ ક્રાઈમબ્રાંચના અધિકારીઓનો સંપર્ક કર્યો છે. જે અનુસંધાનમાં પુરાવા અને સાક્ષીઓના આધારે નિકોલ પોલીસ સ્ટેશનમાં દિર્ઘાયુ વ્યાસ સહિત ચાર લોકો વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. ત્યારબાદ સાહિલને માર માર્યો હતો. આ ઘટના બાદ સાહિલ ગભરાઇ ગયો હતો અને જાણવા મળ્યું હતું કે દિર્ઘાયુએ સોસાયટીના અન્ય લોકો સાથે પણ પીએસઆઈની ઓળખ આપીને દાદાગીરી કરી હતી.

## પોલીસે રૂપિયા ૪,૩૭,૪૦૦ની કિંમતનો ૩૬૪૫ નંગ સુતળી બોમ્બના બોક્સનો જથ્થો જપ્ત

# મોરવાહડફના સાગવાડામાં લાયસન્સ વગર સંગ્રહ કરેલો ફટાકડાનો જથ્થો ઝડપાયો, વેપારીની ધરપકડ

| પ્રતિનિધિ, પંચમહાલ, તા.૫ |

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને પંચમહાલ પોલીસ દ્વારા ગેરકાયદેસર રીતે ફટાકડાનું વેચાણ અને સંગ્રહ કરનારાઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન મોરવાહડફ તાલુકાના સાગવાડા ગામેથી લાયસન્સ વગર ગેરકાયદે સંગ્રહ કરાયેલો રૂપિયા ૪.૩૭ લાખની કિંમતનો ફટાકડાનો જથ્થો પંચમહાલ SOGએ ઝડપી પાડ્યો છે. સમગ્ર મામલે પોલીસે આરોપી વેપારીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.દિવાળીના તહેવારની હવે થોડા દિવસની વાર છે, ત્યારે પંચમહાલના મોરવાહડફમાં ગેરકાયદે ફટાકડાનો સંગ્રહ કરનાર સાગવાડા ગામે



આવેલા ઉમરદેવી ફળીયામાં રહેતા ગણપત રૂપાભાઈ રાવત નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે.

આરોપીએ પોતાના રહેણાંકના મકાનમાં કોઈપણ પ્રકારના પરવાના કે લાયસન્સ વગર ગેરકાયદે રીતે ફટાકડાનો સંગ્રહ કરીને વેચાણ કરતો હોવાની પંચમહાલ જીઁએ બાતમી મળી હતી.આ પછી પોલીસે આોપીના મકાનમાં તપાસ હાથ ધરતા ઓસરીમાંથી ફાયર સેફટીના સાધનો કે વોટર સ્પ્રીનકલની કોઈપણ વ્યવસ્થા રાખ્યા વગર જોખમી રીતે લાયસન્સ વગર સુતળી બૉમ્બના બોક્સનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂપિયા ૪,૩૭,૪૦૦ની કિંમતનો ૩૬૪૫ નંગ સુતળી બૉમ્બના બોક્સનો જથ્થો જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. છેલ્લા ઘણા વર્ષોથી આવી દોરીના કારણે લોકોના ગળામાં કાપા પડવાના, જીવલેણ ઈજાઓ થવાના તથા અનેક પક્ષીઓના મોત થવાના કિસ્સાઓ સામે આવ્યા છે. આ કારણે પોલીસે આવા ગેરકાયદેસર ધંધા સામે કડક પગલાં લેવાનું નક્કી કર્યું છે.આ કાર્યવાહી અન્વયે એસ.ઓ.જી.ની ટીમે માત્ર મોટી માત્રામાં પ્રતિબંધિત માલ કબ્જે કર્યો નથી. ગેરકાયદેસર રીતે ફટાકડાનું વેચાણ અને સંગ્રહ કરનારાઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## વડોદરામાં કારના શો રૂમના જામનગરના કર્મચારી દ્વારા ૧૦ લાખની છેતરપિંડી

| પ્રતિનિધિ, વડોદરા, તા.૫ |

વડોદરામાં ફોર વ્હિલર કારના શો રૂમના સેલ્સ કન્સલ્ટન્ટે કંપનીની ખોટી પાવતીઓ આપી કસ્ટમર પાસેથી રૂપિયા પોતાના એકાઉન્ટમાં લઈ તેમજ એસેસરિઝ વેચી દઈ ૧૦.૦૪ લાખની છેતરપિંડી કરી હતી. જે અંગે વડોદરાના મકરપુરા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમા સાવલી રોડ સિદ્ધાર્થ સૌમ્ય બંગ્લોઝમાં રહેતા વિપુલભાઈ કિરીટભાઈ શાહ માણેજા ક્રોસિંગ પાસે આવેલ શિવાંશુ મોટર્સ એલ.એમ.પી. કંપનીમાં મેનેજર છે. મકરપુરા પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, જયદીપ બાબુલાલ પરમાર (રહે. સાધના કોલોની, રણજીત સાગર રોડ, ડાંગરવાડા, જામનગર) અમારા શો રૂમમાં છેલ્લા ૪ વર્ષથી સેલ્સ કન્સલ્ટન્ટ તરીકે સી.એસ.ડી. ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતા હતા. અમારા કસ્ટમર ચિરાગભાઈએ અમારા શો રૂમ ખાતે જયદીપ પરમાર પાસે કેટા કાર બુક કરાવી હતી.જેના ડાઉન પેમેન્ટ તરીકે ૬.૨૫ લાખ જયદીપને રોકડા આપ્યા હતા. અમારા શો રૂમમાં રોકડા ૧.૯૯ જ લેવામાં આવે છે.

## યુકેના વિઝા અપાવવાના બહાને રૂ. ૫ લાખની ઠગાઈ, બે વિરુદ્ધ ગુનો નોંધાયો

| પ્રતિનિધિ, સુરત, તા.૫ |

એનઆરઆઈ સહિત યુકેના વિઝા અપાવવાના બહાને રૂ. ૨૦ લાખની રકમ પડાવી વિઝા કરાવી ન આપી રૂ. ૫ ઠગાઈ લાખની ઠગાઈ મામલે ફરિયાદના આધારે પાલેજ પોલીસે એનઆરઆઈ સહિત બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરતના કામરેજ ખાતે રહેતા રોહિતભાઈ વાઘેલાએ ફરિયાદમાં કહ્યું હતું કે, મારી પત્નીની સહેલીએ યુકેમાં રહેતા તેના જીજાજી રવિસિંગ વિચાર કન્સલ્ટન્સીનું કામ કરે છે અને પાલેજ ગામના રહેવાસી યાસીન પટેલ તેમના પાર્ટનર છે. તેવું જણાવતા મારે ધંધાર્થે વિદેશ જવા તેમનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ પાલેજ રેલ્વે સ્ટેશનની પાછળ સિલેક્ટ ઓવરસીઝ નામની ઓફિસે યાસીનને મળી યુકેના વિઝા માટે રૂ. ૨૦ લાખની રકમ ચૂકવી હતી. ત્યારબાદ તેઓએ વિઝા અંગેની કોઈ કાર્યવાહી નહીં કરી નાણા પરત નહીં આપી ધમકી આપી હતી. જેથી પોલીસને અરજી આપતા આરોપીએ ટુકડે ટુકડે રૂ.૧૫ લાખ પરત કર્યા હતા. જ્યારે બાકી રૂ.૫ લાખની રકમ પરત કરી ન હતી. ઉપરોક્ત ફરિયાદના આધારે પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. તેમણે તાત્કાલિક જામનગરના જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિતમાં ફરિયાદ કરી.



## તંત્રી લેખ...

# જોબ માર્કેટ પર દબાણ

કોરોના વાયરસના કારણે માત્ર ભારતમાં જ નહીં બલ્કે સમગ્ર દુનિયામાં દરેક ક્ષેત્રમાં ભીષણ મંદી આવી આવી ગઇ છે. ઉદ્યોગોની કમર તુટી ગઇ છે. લાંબા સમય સુધી લોકડાઉન રહ્યા બાદ આ પ્રકારની સ્થિતી સર્જાઇ ગઇ છે. એવા સમયમાં જોબ માર્કેટમાં દબાણ વધી રહ્યુ છે. રિપોર્ટ મુજબ લાખો કરોડો લોકોની નોકરી જતી રહી છે. આગામી દિવસો નોકરી કરનાર લોકો માટે વધારે ખતરનાક રહી શકે છે. જો કે નિષ્ણાંતો એ ક બાબત તો ચોક્કસ કહે છે કે એવી ધારણા ખોટી છે કે મોટી વયમાં સારી જોબ મળી શકે નહી. કોઇ પણ વયમાં સારી નોકરી મળી શકે છે તેમાં કોઇ બે મેત નથી. જો કે આના માટે તરીકા જુદા જુદા હોય છે. દરેક વયમાં જોબ શોધી કાઢવાની પ્રક્રિયા અને તરીકા બદલાતા જાય છે. આને લઇને પણ અભ્યાસની કામગીરી વિતેલા વર્ષોમાં નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. દરેક વયમાં જોબ શોધવાની પદ્ધિતી સુ રહેલી છે તેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતોને સારી રીતે સમજી શકાય છે. આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે. જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આના માટેના કેટલાક કારણો હોય છે. ભારતમાં મોટા ભાગે હાયરિંગ મેનેજર અનુભવ કરતા વધારે યુવાનોને મહત્વ આપવામાં આવે છે. તેમને લાગે છે કે દેશમાં યુવાનો ખુબ મોટી સંખ્યામાં છે. જેથી ઓછા પૈસામાં વર્કફોર્સ જરૂરી પ્રમાણમાં મળી જાય છે. યુવાનો એનર્જીથી સજ્જ અને ભરેલા હોય છે. આયુવાનો લાંબા સમય સુધી કામ કરી શકે છે. હાયરિંગ મેનેજર વિચારે છે કે સતત ટેકનોલોજી બદલાઇ રહી છે અને આવી સ્થિતીમાં યુવાનો નવી ટેકનોલોજીને વધારે ઝડપથી સારી રીતે શિખી શકે છે. બિઝનેસ માહોલમાં અનુભવની કોઇ વેલ્યુ હવે રહી નથી. જુદી જુદી વયમાં જોબ સર્ચ કરતી વેળા જુદી જુદી રણનિતી અપનાવવામાં આવે છે. ૩૦ વર્ષની વયમાં જોબ સર્ચ પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક વિગત ઉભરીને સપાટી પર આવી છે. કેટલીક સ્કીલ હાંસલ કરવામાં આવે છે. રેજ્યુમ પણ શાનદાર રાખવામાં આવે છે. કઇ રીતે પોતાના કેરિયરને દિશા આપી શકાય છે તે બાબત ઉપયોગી હોય છે. આ વયમાં પુરતા પ્રમાણમાં જોખમ લઇ શકાય છે. સાથે સાથે મનની વાત સાંભળી શકવાની સ્થિતી હોય છે. ખરાબ દિવસો માટે કેટલાક મહિનાના પગારને રીઝર્વ રાખવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના ઇન્ટરવ્યુ અને ઇન્ટરેક્શનથી કેટલીક નવી બાબત શિખવા મળે તે જરૂરી છે. દરેક સપ્તાહમાં છથી આઠ કલાકનો સમય સર્ચ અને એન્જોય તેમજ લર્ન માટે નક્કી કરવામાં આવે તો ઉપયોગી સાબિત થાય છે. એવા અવસરની શોધ કરવી જોઇએ જેના કારણે પ્રગતિની તક વધારે રહે છે.

# બોસને રાજી કરવાના તરીકા શુ છે

નોકરી કરનાર દરેક વ્યક્તિ આ બાબત તો નિખાલસ રીતે સ્વીકાર કરે છે કે બોસની સાથ સારી ટ્યુનિંગ જળવાઇ રહે તે જરૂરી હોય છે. આના માટે દરેક કર્મચારી અલગ અલગ તરીકા અજમાવે છે. જો કે કેટલાક તરીકા એવા હોય છે દરેક પ્રકારના બોસને પ્રભાવિત કરે છે. આ તરીકા અજમાવીને કર્મચારીઓ બોસને ખુશ રાખી શકે છે. આના કારણે કર્મચારીને તેની કેરિયર બનાવવામાં ખુબ મદદ મળે છે. બોસને કેટલાક તરીકા અજમાવીને ખુશ રાખી શકાય છે. આજે આ લેખમાં અમે આ વિષય પર વાત કરી રહ્યા છીએ. પોતાના મેનેજરને સમજી લેવાની જરૂર હોય છે. દરેક મેનેજર જુદા જુદા હોય છે. જેથી કામને હેન્ડલ કરવાના તેમના તરીકા પણ જુદા જુદા હોય છે. સૌથી પહેલા તો મેનેજરની કામની પેટર્નને સમજી લેવાની જરૂર હોય છે. આના કારણે તેમના દ્વારા આપને આપવામાં આવેલા ગોલ્સને પૂર્ણ કરવામાં મદદ મળી શકે છે. જ્યારે આવુ થશે ત્યારે ગોલ્સને હાંસલ કરવામાં તમે પણ મહેનત સાથે આગળ વધી શકો છો. કોમ્યુનિકેશન કોઇ પણ સંબંધને મજબુત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. બોસ સાથે પણ કોમ્યુનિકેશન જાળવી રાખવા માટેની બાબત જરૂરી હોય છે. ગોલ્સ અને ટાર્ગેટને લઇને તેમને હમેંશા માહિતીગાર કરવામાં આવે તે જરૂરી હોય છે. આના કારણે બોસને આપની પ્રોગ્રેસ અંગે માહિતી મળતી રહે છે. આવી સ્થિતીમાં જો તમે કોઇ મુશ્કેલીમાં ફસાઇ જાવો છો ત્યારે આપના બોસને મદદ કરવામાં મદદ મળે છે. નાની નાની બાબતોને લઇને બસને પરેશાન કરવાની કોઇ જરૂર નથી. બોસ આપની મદદ માટે હમેંશા તૈયાર રહે છે પરંતુ નાની નાની બાબતોને લઇને બોસને હેરાન કરવાની બાબત મુશ્કેલીમાં મુકનાર તરીકે હોય છે. પોતાના લેવલ પર જ તમામ સમસ્યા અને અડચણોને દુર કરવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. જો તમને લાગે કે આ બાબતો આગળ ચાલીને તમને હેરાન કરશે અને મોટા ઇશ્યુ તરીકે રહેશે તો આવી સ્થિતીમાં બોસ સાથે વાતચીત કરવામાં આવે તે જરૂરી છે. જો તમને કોઇ જવાબદારી સોંપવામાં આવી છે તો તેને પૂર્ણ કરવાના તમામ પ્રયાસો કરવામાં આવે તે જરૂરીછે. આનાથી ભાગવાના પ્રયાસ કરવા જોઇએ નહીં. કોઇ બહાના કરવાના પ્રયાસ પણ કરવા જોઇએ નહીં. તે બોસ પર ખરાબ અસર કરે છે. બોસની સામે ખરાબ છાપના કારણે તે આપને મુશ્કેલીમાં મુકી શકે છે. પોતાના કામને વહેલી તકે પૂર્ણ કરીને પોતાનુ ૧૦૦ ટકા યોગદાન આપવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. કેટલીક વખત એવુ બને છે કે કોઇ મુદ્દા પર બસ આપની સલાહ મેળવે છે.



## આજકાલ

લેખક : ડો. દેવીપ્રસાદ શેટ્ટી

### આરોગ્યસંભાળમાં મોદીનો રસ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળથી છે

**૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાએ ગ્રામીણ અને શહેરી સમુદાયોમાં ઝડપી તબીબી ધ્યાન આપ્યું, બીમારીથી મૃત્યુદર અને ગેરહાજરી ઘટાડી છે । ૨૦૧૮માં શરૂ કરાયેલ આયુષ્માન ભારત, વિશ્વની સૌથી મોટી જાહેર ભંડોળવાળી આરોગ્ય વીમા યોજના બની છે, જે ૫૫ કરોડથી વધુ આર્થિક રીતે નબળા નાગરિકોને આવરી લે છે**

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આરોગ્યસંભાળ યોજનાઓ આર્થિક ઉત્પાદકતા નીતિઓ છે

**પોષણ અભિયાન, જેનું ૨૦૧૮માં પણ ઉદ્ઘાટન થયું હતું, તે ગર્ભવતી સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ અને નાના બાળકોમાં કુપોષણનો સામનો કરે છે**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતની આરોગ્યસંભાળ નીતિ કલ્યાણના સાંકડા દ્રષ્ટિકોણથી ઘણી આગળ વધી ગઈ છે. તે હવે "વિકસિત ભારત" - ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાની વ્યૂહરચનાનું કેન્દ્ર છે. આરોગ્યને ખર્ચ કરતાં રોકાણ તરીકે ગણીને, આ પહેલોએ દર્શાવ્યું છે કે આરોગ્યસંભાળમાં સુશાસન પણ મજબૂત આર્થિક નીતિ છે. તેઓ રોગનો બોજ ઘટાડે છે, ઘરગથ્થુ બચતનું રક્ષણ કરે છે અને ટકાઉ વિકાસનું સાચું એન્જિન - માનવ મૂડીને મુક્ત કરે છે.

### નિવારક શાસનના મૂળ

આરોગ્યસંભાળમાં મોદીનો રસ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળથી છે, જ્યાં તેમણે સમયસર હસ્તક્ષેપ અને સુલભ સેવાઓ પર ભાર મૂક્યો હતો. ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાએ ગ્રામીણ અને શહેરી સમુદાયોમાં ઝડપી તબીબી ધ્યાન આપ્યું, બીમારીથી મૃત્યુદર અને ગેરહાજરી ઘટાડી છે. તો સાથે જ, આદિવાસી અને ગ્રામીણ બાળકો માટે પોષણ કાર્યક્રમોએ સૂક્ષ્મ પોષકતત્ત્વોની ઉણપને દૂર કરી અને વધુ સારા શિક્ષણ પરિણામો માટે પાયો નાખ્યો છે. આ પ્રારંભિક પ્રયોગોએ એક સિદ્ધાંત જાહેર કર્યો જે રાષ્ટ્રીય સુધારાઓને આકાર આપશે: નિવારણમાં રોકાણ કરવાથી ઉત્પાદકતા અને સમૃદ્ધિમાં લાભ મળે છે.

### રાષ્ટ્રીય સ્તરે વિકાસ

રાષ્ટ્રીય નેતૃત્વ સંભાળ્યા પછી, મોદીએ આ પાઠ અભૂતપૂર્વ પહોંચ ધરાવતા કાર્યક્રમો સુધી વિસ્તૃત કર્યા છે. ૨૦૧૮માં શરૂ કરાયેલ આયુષ્માન ભારત, વિશ્વની સૌથી મોટી જાહેર ભંડોળવાળી આરોગ્ય વીમા યોજના બની છે, જે ૫૫ કરોડથી વધુ આર્થિક રીતે નબળા નાગરિકોને આવરી લે છે. પરિવારોને વિનાશક તબીબી બિલોથી બચાવીને, તેણે લાખો લોકોને બીમારી પછી ગરીબીમાં પરત ફરવાનું ટાળવામાં મદદ કરી છે. આ યોજના દર્દીઓને પેનલવાળી હોસ્પિટલો તરફ પણ દોરી જાય છે, ગુણવત્તા સુધારણાને પ્રોત્સાહન આપે છે અને ગૌણ અને તૃતીય સંભાળમાં સ્પર્ધાત્મક ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપે છે.

પોષણ અભિયાન, જેનું ૨૦૧૮માં પણ ઉદ્ઘાટન થયું હતું, તે ગર્ભવતી સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ અને નાના બાળકોમાં કુપોષણનો સામનો કરે છે. પૂરક પોષણ, વૃદ્ધિ દેખરેખ અને વર્તણૂકીય પરિવર્તન ઝુંબેશ સ્વસ્થ માતાઓ અને મજબૂત બાળકો બનાવવા માટે ભેગા થાય છે. પ્રારંભિક જીવનમાં સારું પોષણ સીધા



જ્ઞાનાત્મક વિકાસ અને ભવિષ્યની કમાણી ક્ષમતા- ઉચ્ચ ઉત્પાદકતાના દાયકાઓમાં માપી શકાય તેવા રોકાણ પર વળતરને વધારે છે.જન ઔષધિ કેન્દ્રો દ્વારા ફાર્માસ્યુટિકલ પરવડે તેવી ક્ષમતાને મોટો વેગ મળ્યો છે. ૧૬૯૦૦થી વધુ જન ઔષધિ કેન્દ્રો ભારે ડિસ્કાઉન્ટ પર ગુણવત્તાયુક્ત જેનેરિક દવાઓ પૂરી પાડે છે, જેનાથી ઘરો મોંઘી બ્રાન્ડેડ દવાઓ પર ખર્ચાયેલા પૈસાને ખોરાક, શિક્ષણ અથવા નાના વ્યવસાયિક રોકાણ તરફ વાળી શકે છે.સ્વચ્છ ભારત મિશન, જોકે ઘણીવાર સ્વચ્છતા અભિયાન તરીકે રચાયેલ છે, તે જાહેર-આરોગ્ય ક્રાંતિ સમાન છે. ગામડાઓ અને નગરોમાં બાંધવામાં આવેલા લાખો શૌચાલયોએ ખુલ્લામાં શૌચમાં ભારે ઘટાડો કર્યો છે, પાણીજન્ય રોગોમાં ઘટાડો કર્યો છે અને દર વર્ષે અંદાજે ૬૦૦૦૦-૭૦૦૦૦ શિશુઓના જીવ બચાવ્યા છે.બેટી બચાવો, બેટી પઢાઓ જેવી મહિલા-કેન્દ્રિત પહેલોએ લિંગ ગુણોત્તરમાં સુધારો કર્યો છે અને છોકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપ્યું છે, જ્યારે ડિજિટલ આરોગ્ય સાધનો અને આયુષ્માન ભારત આરોગ્ય મંદિરો નાનામાં નાના સમુદાયોમાં પણ સ્ક્રીનીંગ, ટેલિકન્સલ્ટેશન અને ઈલેક્ટ્રોનિક આરોગ્ય રેકોર્ડ લાવી રહ્યા છે. સાથે મળીને, આ પગલાં એક એવી ઈકોસિસ્ટમ બનાવે છે જ્યાં નાગરિકો સ્વસ્થ રહે છે, પરિવારો નિકાલજોગ આવક જાળવી રાખે છે અને કાર્યબળ વધુ વિશ્વસનીય અને કુશળ બને છે..

### નિવારણનું અર્થશાસ્ત્ર

યુનિસેફ અનુસાર, સ્વચ્છ ભારત મિશન ચળવળ દ્વારા દરેક ગ્રામીણ પરિવારે દર વર્ષે ₹૫૦૦૦૦ની બચતનો અંદાજ લગાવ્યો છે. આ સુધારા પાછળનો આર્થિક તર્ક આશ્ચર્યજનક છે. ભારત ઐતિહાસિક રીતે ઉચ્ચ ખિસ્સામાંથી આરોગ્ય ખર્ચ સાથે સંઘર્ષ કરી રહ્યું છે - ૨૦૧૩-૧૪માં કુલ ખર્ચના ૬૪%. ૨૦૨૧-૨૨ સુધીમાં, તે આંકડો ઘટીને ૩૯% થઈ ગયો હતો, જે મોટાભાગે વિસ્તૃત વીમા, સબસિડીવાળી દવાઓ અને સ્વચ્છતા સુધારણાને આભારી છે. માંદગી પર ઓછો વ્યક્તિગત ખર્ચ ઘરગથ્થુ વપરાશમાં વધારો, વધુ બચત અને ઔપચારિક નાણાકીય ક્ષેત્રમાં મજબૂત ભાગીદારીમાં પરિણમે છે.સ્વચ્છ પીવાનું પાણી, વધુ સારા શૌચાલય અને માતા-બાળ પોષણ જેવા નિવારક હસ્તક્ષેપો પણ અર્થશાસ્ત્રીઓ જેને "બાહ્યતાઓ" કહે છે તે ઉત્પન્ન કરે છે: જે લાભો સીધા પ્રાપ્તકર્તાથી આગળ વધે છે. ઓછા માંદા દિવસોનો અર્થ ફેક્ટરીઓ, ખેતરો અને ઓફિસોમાં સ્થિર હાજરી થાય છે. સ્ટંટિંગ ટાળતા બાળકો શાળામાં વધુ સારા સ્કોર કરે છે અને ઉચ્ચ આવક ધરાવતા પુખ્ત બને છે. જ્યારે સ્વસ્થ સ્થળાંતરિત કામદારો સ્ટાફ ટર્નઓવર અને તાલીમ ખર્ચ ઘટાડે છે,



### ચીનમાં ઇલેક્ટ્રિક વાહનોને અપનાવવામાં આવી રહ્યાં છે, જેના કારણે પેટ્રોલ અને ડીઝલના વપરાશમાં ઘટાડો થયો

**ભારત વૈશ્વિક ક્ષેત્રે ઓઇલની માગમાં ટૂંક સમયમાં ચીનને પાછળ છોડીને મુખ્ય ચાલક બની જશે, જોકે તેમ છતાં તેની પાસે ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદનમાં વૈશ્વિક અગ્રણી બનવાની તક રહેશે.**

# ભારત, ઓઇલની માગના ચાલક તરીકે ટૂંક સમયમાં ચીનને પાછળ છોડી દેશે

**સૌર ઊર્જા જેવા અક્ષય ઊર્જાના સ્રોતોમાંથી ઉત્પન્ન થતી સસ્તી વીજળીના કારણેદેશને ગ્રીન હાઇડ્રોજન ક્ષેત્રમાં અગ્રેસર તરીકે પરિવર્તિત થવામાં મદદ મળી શકે છે.**

ઇન્ટરનેશનલ એનર્જી એજન્સીના વડા ફાતિહ બિરોલે બુધવારે જણાવ્યું હતું કે, ભારત વૈશ્વિક ક્ષેત્રે ઓઇલની માગમાં ટૂંક સમયમાં ચીનને પાછળ છોડીને મુખ્ય ચાલક બની જશે, જોકે તેમ છતાં તેની પાસે ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદનમાં વૈશ્વિક અગ્રણી બનવાની તક રહેશે. વસતીમાં થઇ રહેલી વૃદ્ધિ, જે કદાચ પહેલાંથી જ ચીન કરતાં વધારે થઇ ગઇ છે તેના કારણે વિશ્વના ત્રીજા સૌથી મોટા ઊર્જા વપરાશકાર દેશ ભારતમાં માગમાં વૃદ્ધિ થઇ રહી છે. અશ્મિભૂત ઇંધણમાંથી સ્વચ્છ ઊર્જાના સ્રોતોમાં તેનું સ્થળાંતરણ અન્ય પ્રદેશોમાં પાછળ રહેવાની અપેક્ષા છે, પરંતુ સૌર ઊર્જા જેવા અક્ષય ઊર્જાના સ્રોતોમાંથી ઉત્પન્નથતીસસ્તીવીજળીનાકારણેદેશને ગ્રીન હાઇડ્રોજન ક્ષેત્રમાં અગ્રેસર તરીકે પરિવર્તિત થવામાં મદદ મળી શકે છે. બિરોલે અહીં યોજાયેલા G20 કાર્યક્રમની સાથેસાથેચર્ચાદરમિયાનને જણાવ્યું હતું



કે, "ભારતમાંઓઇલનીમાગવધશે. મને લાગે છે કે, ભારત ટૂંક સમયમાં ચીનને પાછળ છોડીને વૈશ્વિક ઓઇલની માગમાં વૃદ્ધિનું સૌથી મોટુંચાલકબની જશે". આની પાછળનું મુખ્ય કારણ એ છે કે, ચીનમાં ઇલેક્ટ્રિક વાહનોને ઝડપથી અપનાવવામાં આવી રહ્યાં છે, જેના કારણે પેટ્રોલ અને ડીઝલના વપરાશમાં ઘટાડો થયો છે. તેમણે કહ્યું હતું કે, "ચીનમાં કાર અને બસોનું ઝડપથી વિદ્યુતીકરણ થઇ રહ્યું છે, જે ઓઇલની માગમાં ઘટાડો થવાનું એક પરિબળ છે." તેમણે આશા વ્યક્ત કરી હતી કે,વિદ્યુતીકરણ (વીજળી દ્વારા ચાર્જ કરવામાં આવતી બેટરી પર ચાલતા વાહનો)માં વધારો થવાથી ભારતમાં પણ માંગમાં ઘટાડો થશે. ૨૦૨૨માં ચીનમાં ઇફ (ઇલેક્ટ્રિક વાહન)નું વેચાણ લગભગ બમણું થઇને ૬.૧ મિલિયન યુનિટ થયું હતું જ્યારે તેની સરખામણીએ સમાન સમયગાળામાં ભારતમાં ૪૮,૦૦૦ વાહનોનું વેચાણ થયું હતું. અગાઉ, આ કાર્યક્રમમાં બોલતા, બિરોલે જણાવ્યું હતું કે, તેમણે છ વર્ષ પહેલાં કહ્યું હતું કે ભારત વૈશ્વિક ઊર્જાની બાબતોના કેન્દ્ર સ્થાને જવા માટે તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, "આજે ૬ વર્ષ પછીહું તમને કહી શકું છુ કે, ભારત આજે વૈશ્વિક ઊર્જાની બાબતોના કેન્દ્ર સ્થાને છે." આ માત્ર તેની જંગી માગના જોરે નથી થયું, પરંતુ તેણે સૂર્ય જેવા અક્ષય ઊર્જાના સ્રોતોમાંથી વીજળી ઉત્પન્ન કરવામાં અને અશ્મિભૂત ઇંધણના બદલે શેરડી, ખાદ્યાન્ન અને કૃષિ કચરામાંથી ઉત્પન્ન થતા ઇથેનોલ જેવા બાયોફ્યુઅલનો ઉપયોગ કરવામાં પણ ઝડપી પ્રગતિ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, પેટ્રોલમાં ૧૦ ટકા ઇથેનોલનું મિશ્રણ કરવાથી દેશને ૨ અબજ અમેરિકી ડૉલરની સમકક્ષ ઓઇલની આયાત ટાળવામાં મદદ મળી છે. તેમણે ઉમેર્યું હતું કે, "છેલ્લા ૫ વર્ષમાં, ભારત વૈશ્વિક સૌર ક્ષમતામાં સૌથી મોટુંયોગદાન આપનારો દેશ રહ્યો હતો" તેમજ કહ્યું હતું કે, તેના કારણે ૫૦૦ મિલિયન લોકોને વીજળીની સુલભતા પૂરી પાડવામાં આવી છે અને લગભગ ૧૦૦ મિલિયન લોકોને રસોઇ માટે ઉપયોગમાં લેવાતા લાકડા અને અન્ય બળતણના કારણે ફેલાતા ઘરેલું પ્રદૂષણથી બચાવવા માટે તમને રાંધણ ગેસ આપવામાં આવ્યો છે. ઊર્જાના સૌથી સ્વચ્છ જાણીતા સ્વરૂપ હાઇડ્રોજન માટે પણ આવું જ કરી શકાય છે. તેમણે જણાવ્યું હતું કે, ભારત ગ્રીન હાઇડ્રોજનનું ઉત્પાદન કરવા માટે પાણીના વિભાજન માટે અક્ષય ઊર્જાના સ્રોતોમાંથી ઉત્પન્ન થતી સસ્તી વીજળીનો ઉપયોગ કરી શકે છે, તે સૌથી ઓછા ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદક તરીકે ઉદયમાન થઇ શકે છે.

# હાર્ટ સાથે સંબંધિત રોગ અને કેન્સરની તકલીફનો ખતરો રનિંગથી ૩૦ ટકા સુધી ઘટી જાય છે : કોઇ પણ પ્રકારની રનિંગથી ફાયદો થાય છે

રનિંગ આરોગ્યની સાથે સાથે લાંબી વય માટે પણ ખુબ ફાયદાકારક હોય છે. પરંતુ આના માટે જરૂરી નથી કે દરરોજ દોડ લગાવવામાં આવે. અથવા તો તેના માટે દરરોજ વોકિંગ કરવાની બાબત પણ જરૂરી નથી. સપ્તાહમાં એક દિવસ ૫૦ મિનિટ અથવા તો તેનાથી ઓછા સમય માટે દોડ લગાવનાર વ્યક્તિ પણ સ્વસ્થ રહી શકે છે. એકંદરે દોડ લગાવવાની કોઇ પણ પદ્ધિત માનવીના આરોગ્ય માટે લાભકારક સાબિત થાય છે. આ માનવીના વહેલી તકે મોતના જોખમને પણ ટાળી દેવામાં નિર્ણાયક ભૂમિકા અદા કરે છે. રિપોર્ટ વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા જારી કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. આમા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે શારરિક ગતિવિધીમાં ઘટાડો થવાના કારણે દર વર્ષે ૩૨ લાખ લોકોના મોત થઇ જાય છે. આ એવા લોકો હોય છે જે ઓફિસમાં બેસીને મોટા ભાગના કામ કરતા રહે છે. તેમના આરોગ્ય પર સૌથી વધારે માઠી અસર થાય છે. અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે દરરોજ દોડ લગાવનાર લોકો, સપ્તાહમાં કોઇ એક દિવસ દોડ લગાવનાર લોકો અને બિલકુલ દોડ નહીં લગાવનાર લોકોને આવરી લઇને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ શોધ કરતી વેળા ૨૫૯૫૧ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. તેમની શારરિક ગતિવિધી પર નજર રાખવામાં આવી હતી. જે લોકો દોડ લગાવે છે તે લોકોને પણ આમાં સામેલ કરવામા આવ્યા હતા. અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે રનિંગ કરનાર લોકો શારરિક ગતિવિધી નહીં કરનાર લોકોની સરખામણીમાં આરોગ્યમાં ખુબ શાનદાર રહ્યાહતા. તેમનામાં વહેલી તકે મોતનો ખતરો પણ ઓછો રહ્યો છે. દોડ લગાવનાર લોકોમાં વહેલી તકે મોતનો આંકડો ૨૭ ટકા ઓછો રહ્યો હતો. હાર્ટ સંબંધિત સમસ્યાઓનો ખતરો પણ ૩૦ ટકા ઓછો રહ્યો છે. કેન્સર સંબંધિત બિમારીનો ખતરો પણ ૨૩ ટકા સુધી ઓછો રહ્યો છે. બે લાખ કરતા વધારે લોકોને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. શોધ બ્રિટીશ જર્નલ ઓફ સ્પોર્ટસમાં પ્રકાશિત કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. અભ્યાસમાં સામેલ કરવામાં આવેલા તમામ લોકોની વય ૩૫થી ૫૫ વર્ષની વચ્ચે આંકવામાં આવી હતી. કેટલાક નિષ્ણાંતો તો કહે છે કે જો દોડવામાં ન આવે તો ચાલીને પણ કામ ચલાવી શકાય છે. દરરોજ વોકિંગ પણ અસરકારક સાબિત થાય છે. બ્રિટનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. સ્તન કેન્સર અને આંતરડાના કેન્સરના મામલામાં ઝડપથી ચાલવાથી ઘટાડો નોંધાય છે. વર્લ્ડ કેન્સર રિસર્ચના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હાર્ટના ધબકારા વધી જાય તેવી કોઇપણ કસરત કેન્સરથી બચવામાં મદદરૂપ નિવડે છે. શારીરિક કસરતથી સ્થૂળતામાં ઘટાડો થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થૂળતાના કારણે કેન્સરનો ખતરો વધી જાય છે. ડબ્લ્યુસીઆરએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શારીરિક કસરત લાંબા સમય સુધી કરવાથી નાની મોટી અન્ય તકલીફો પણ દૂર થઇ શકે છે. વૈજ્ઞાનિકોના મતે અતિ ઝડપથી ચાલવા ઉપરાંત સાઇકલીંગ, સ્વિમીંગ, ડાંસ જેવી પ્રવૃત્તિથી પણ કેન્સરને ટાળવામાં મદદ મળી શકે છે. અભ્યાસના અહેવાલના મહત્વને બ્રિટનની દ્રષ્ટિએ પણ ઉપયોગી ગણવામાં આવે છે. આ બાબતના મજબૂત પૂરાવા મળ્યાં છે કે, સક્રિય શારીરિક ગતિવિધિથી કેન્સરથી બચી શકાય છે. આવી પ્રવૃત્તિ હાથ ધરીને હજારો કેસ ઓછા કરી શકાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, આરોગ્યને લગતા લાભ લેવા માટે દરરોજ કસરત સાથે સંબંધિત કેન્દ્રોમાં જવાની જરૂર નથી. દરરોજની પ્રવૃત્તિમાં થોડાક ફેરફાર કરીને સંકટને પણ ટાળી શકાય છે. ડો. થોમ્પસને ઝડપથી ચાલવાની બાબતને પોતાની દરરોજની ટેવમાં આવરી લેવાની સલાહ આપી છે. કેન્સર રિસર્ચ યુકે નામની સંસ્થાએ પણ ડબ્લ્યુસીઆરએફના પરિણામોને યોગ્ય ઠેરવ્યાં છે. નિયમિત રીતે સામાન્ય કસરતથી આંતરડાના કેન્સર અને સ્તન કેન્સરથી બચી શકાય છે.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

**વરસાદે તબાહી મચાવી**

પૂર અને ભૂસ્ખલનના કારણે નેપાળના ઉદયપુરમાં બે, રૌતહટમાં ૩, રસુવામાં ૪, અને કાઠમાંડૂમાં ૧ વ્યક્તિનું મોત થયુ । જુદી-જુદી દુર્ઘટનામાં ખોટાંગ, ભોજપુર, રૌતહટ તથા મકવાનપુર જિલ્લામાં વીજ પડતાં આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે । પંચથર જિલ્લામાં માર્ગ અકસ્માતમાં છના મોત થયા હતાં. પૂર્વીય નેપાળમાં રેડ ઝોન જાહેર કરવામાં આવ્યું, નેપાળની કોસી બૈરાજ નદીના તમામ ૫૬ દરવાજા ખોલવામાં આવ્યા

# નેપાળમાં કુદરતનું તાંડવઃ ૪૫થી વધુના મોત, અનેક ગુમ

। લોક પત્રિકા ટીમ, કાઠમાંડૂ, તા.૫ ।

નેપાળ પર સંકટના વાદળો દૂર થવાનું નામ લઈ રહ્યા નથી. પહેલાં કુત્રિમ (ચીહ ઢ હિંસા) અને હવે કુદરતે કહેર માંડ્યો છે. નેપાળમાં ૩૬ કલાકથી વરસી રહેલા મુશળધાર વરસાદે તબાહી મચાવી છે. વરસાદના કારણે ભૂસ્ખલન અને પૂર આવતાં ઓછામાં ઓછા ૪૫ લોકોના મોત થયા છે, અનેક ગુમ છે. પ્રવાસીઓ પણ ફસાયા છે. તેમને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. પોલીસના પ્રવક્તા બિનોદ ઘિમિરે જણાવ્યું હતું કે, જુદા-જુદા સ્થળો પર ભૂસ્ખલનના કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. ૧૩ લોકો ઈજાગ્રસ્ત છે. દક્ષિણ નેપાળમાં વીજળી પડતાં ત્રણ લોકોના મોત થયા છે. એનડીઆરઆરએમએના પ્રવક્તા શાંતિ મહતે જણાવ્યું હતું કે, પૂરના કારણે ૧૧ લોકો વહી ગયા છે. તેમની શોધખોળ ચાલુ છે. ખરાબ હવામાનના કારણે રાહત અને બચાવ કામગીરીમાં અડચણ આવી રહી છે. આજે સવાર સુધીમાં સૂર્યોદય મ્યુનિસિપાલિટીમાં ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા પાંચ, માંગસેબુંગ મ્યુનિસિપાલિટીમાં ત્રણ અને પૂર્વીય ઈલમમાં ૨૮ લોકોના મોત થયાના અહેવાલ છે. વહીવટીતંત્રે રાહત કામગીરી શરૂ કરી છે.પૂર અને ભૂસ્ખલનના કારણે નેપાળના ઉદયપુરમાં બે, રૌતહટમાં ૩, રસુવામાં ૪, અને કાઠમાંડૂમાં ૧ વ્યક્તિનું મોત થયુ છે. જુદી-જુદી દુર્ઘટનામાં ખોટાંગ, ભોજપુર, રૌતહટ તથા મકવાનપુર જિલ્લામાં વીજ પડતાં આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પંચથર જિલ્લામાં માર્ગ અકસ્માતમાં છના મોત થયા હતાં. પૂર્વીય નેપાળમાં રેડ ઝોન જાહેર કરવામાં આવ્યું છે. નેપાળની કોસી બૈરાજ નદીના તમામ ૫૬ દરવાજા ખોલવામાં આવ્યા છે.

વિસ્તારના એસએસપી પોખરેલે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે આ આપત્તિમાં મૃત્યુઆંક વધી શકે છે. હાલમાં નુકસાનની સમીક્ષા થઈ રહી છે. અત્યાર સુધીમાં મારી પાસે નુકસાન અને નુકસાનની માત્ર પ્રાથમિક વિગતો છે. બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

ત્રણેય સ્તરની સુરક્ષા એજન્સીઓ (નેપાળ આર્મી, સશસ્ત્ર પોલીસ દળ અને નેપાળ પોલીસ સહિત) અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. નેપાળના આ વિસ્તારોમાં હજી વધુ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. નદીઓમાં પૂર આવ્યું છે. કાઠમંડુ ખીણમાં પૂરના મેદાનોમાંથી રહેતાં લોકોને બહાર કાઢી સુરક્ષિત સ્થળે મોકલવામાં આવ્યા છે.

સુરક્ષા એજન્સીઓએ શનિવારે ખીણમાંથી વહેતી બધી મુખ્ય નદીઓ પર વસાહતોમાં શોધ કામગીરી શરૂ કરી. તેમણે ઘરે ઘરે જઈને શોધખોળ હાથ ધરી, રહેવાસીઓને સ્થળાંતર કરવામાં અને તેમના સામાનને સુરક્ષિત સ્થળોએ લઈ જવામાં મદદ કરી.








## જુદી-જુદી દુર્ઘટનામાં ખોટાંગ, ભોજપુર, રૌતહટ તથા મકવાનપુર જિલ્લામાં વીજ પડતાં આઠ લોકો ઈજાગ્રસ્ત

નેપાળમાં ૩૬ કલાકથી વરસી રહેલા મુશળધાર વરસાદે તબાહી મચાવી છે. વરસાદના કારણે ભૂસ્ખલન અને પૂર આવતાં ઓછામાં ઓછા ૪૫ લોકોના મોત થયા છે, અનેક ગુમ છે. પ્રવાસીઓ પણ ફસાયા છે. તેમને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. પોલીસના પ્રવક્તા બિનોદ ઘિમિરે જણાવ્યું હતું કે, જુદા-જુદા સ્થળો પર ભૂસ્ખલનના કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. ૧૩ લોકો ઈજાગ્રસ્ત છે. દક્ષિણ નેપાળમાં વીજળી પડતાં ત્રણ લોકોના મોત થયા છે. એનડીઆરઆરએમએના પ્રવક્તા શાંતિ મહતે જણાવ્યું હતું કે, પૂરના કારણે ૧૧ લોકો વહી ગયા છે. તેમની શોધખોળ ચાલુ છે.

ખરાબ હવામાનના કારણે રાહત અને બચાવ કામગીરીમાં અડચણ આવી રહી છે. આજે સવાર સુધીમાં સૂર્યોદય મ્યુનિસિપાલિટીમાં ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા પાંચ, માંગસેબુંગ મ્યુનિસિપાલિટીમાં ત્રણ અને પૂર્વીય ઈલમમાં ૨૮ લોકોના મોત થયાના અહેવાલ છે. વહીવટીતંત્રે રાહત કામગીરી શરૂ કરી છે.પૂર અને ભૂસ્ખલનના કારણે નેપાળના ઉદયપુરમાં બે, રૌતહટમાં ૩, રસુવામાં ૪, અને કાઠમાંડૂમાં ૧ વ્યક્તિનું મોત થયુ છે. જુદી-જુદી દુર્ઘટનામાં ખોટાંગ, ભોજપુર, રૌતહટ તથા મકવાનપુર જિલ્લામાં વીજ પડતાં આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પંચથર જિલ્લામાં માર્ગ અકસ્માતમાં છના મોત થયા હતાં. પૂર્વીય નેપાળમાં રેડ ઝોન જાહેર કરવામાં આવ્યું છે. નેપાળની કોસી બૈરાજ નદીના તમામ ૫૬ દરવાજા ખોલવામાં આવ્યા છે.વિસ્તારના એસએસપી પોખરેલે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે આ આપત્તિમાં મૃત્યુઆંક વધી શકે છે. હાલમાં નુકસાનની સમીક્ષા થઈ રહી છે. અત્યાર સુધીમાં મારી પાસે નુકસાન અને નુકસાનની માત્ર પ્રાથમિક વિગતો છે. બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

ત્રણેય સ્તરની સુરક્ષા એજન્સીઓ (નેપાળ આર્મી, સશસ્ત્ર પોલીસ દળ અને નેપાળ પોલીસ સહિત) અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. નેપાળના આ વિસ્તારોમાં હજી વધુ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. નદીઓમાં પૂર આવ્યું છે. કાઠમંડુ ખીણમાં પૂરના મેદાનોમાંથી રહેતાં લોકોને બહાર કાઢી સુરક્ષિત સ્થળે મોકલવામાં આવ્યા છે.



## માંગસેબુંગ મ્યુનિસિપાલિટીમાં ત્રણ અને પૂર્વીય ઈલમમાં ૨૮ લોકોના મોત

નેપાળ પર સંકટના વાદળો દૂર થવાનું નામ લઈ રહ્યા નથી. પહેલાં કુત્રિમ (ચીહ ઢ હિંસા) અને હવે કુદરતે કહેર માંડ્યો છે. નેપાળમાં ૩૬ કલાકથી વરસી રહેલા મુશળધાર વરસાદે તબાહી મચાવી છે. વરસાદના કારણે ભૂસ્ખલન અને પૂર આવતાં ઓછામાં ઓછા ૪૫ લોકોના મોત થયા છે, અનેક ગુમ છે. પ્રવાસીઓ પણ ફસાયા છે. તેમને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. પોલીસના પ્રવક્તા બિનોદ ઘિમિરે જણાવ્યું હતું કે, જુદા-જુદા સ્થળો પર ભૂસ્ખલનના કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. ૧૩ લોકો ઈજાગ્રસ્ત છે. દક્ષિણ નેપાળમાં વીજળી પડતાં ત્રણ લોકોના મોત થયા છે. એનડીઆરઆરએમએના પ્રવક્તા શાંતિ મહતે જણાવ્યું હતું કે, પૂરના કારણે ૧૧ લોકો વહી ગયા છે. તેમની શોધખોળ ચાલુ છે. ખરાબ હવામાનના કારણે રાહત અને બચાવ કામગીરીમાં અડચણ આવી રહી છે. આજે સવાર સુધીમાં સૂર્યોદય મ્યુનિસિપાલિટીમાં ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા પાંચ, માંગસેબુંગ મ્યુનિસિપાલિટીમાં ત્રણ અને પૂર્વીય ઈલમમાં ૨૮ લોકોના મોત થયાના અહેવાલ છે. વહીવટીતંત્રે રાહત કામગીરી શરૂ કરી છે.પૂર અને ભૂસ્ખલનના કારણે નેપાળના ઉદયપુરમાં બે, રૌતહટમાં ૩, રસુવામાં ૪, અને કાઠમાંડૂમાં ૧ વ્યક્તિનું મોત થયુ છે. જુદી-જુદી દુર્ઘટનામાં ખોટાંગ, ભોજપુર, રૌતહટ તથા મકવાનપુર જિલ્લામાં વીજ પડતાં આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પંચથર જિલ્લામાં માર્ગ અકસ્માતમાં છના મોત થયા હતાં. પૂર્વીય નેપાળમાં રેડ ઝોન જાહેર કરવામાં આવ્યું છે. નેપાળની કોસી બૈરાજ નદીના તમામ ૫૬ દરવાજા ખોલવામાં આવ્યા છે.ત્રણેય સ્તરની સુરક્ષા એજન્સીઓ (નેપાળ આર્મી, સશસ્ત્ર પોલીસ દળ અને નેપાળ પોલીસ સહિત) અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. નેપાળના આ વિસ્તારોમાં હજી વધુ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. નદીઓમાં પૂર આવ્યું છે. કાઠમંડુ ખીણમાં પૂરના મેદાનોમાંથી રહેતાં લોકોને બહાર કાઢી સુરક્ષિત સ્થળે મોકલવામાં આવ્યા છે.સુરક્ષા એજન્સીઓએ શનિવારે ખીણમાંથી વહેતી બધી મુખ્ય નદીઓ પર વસાહતોમાં શોધ કામગીરી શરૂ કરી.

## દાર્જિલિંગમાં મોટી દુર્ઘટના ભારે વરસાદ વચ્ચે બાલાસોન નદી પરનો બ્રિજ ધરાશાયી, ૧૪ના મોત

પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ અને સિક્કિમમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા મુશળધાર વરસાદે વિનાશ વેર્યો છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનની ઘટનાઓને કારણે દાર્જિલિંગમાં એક મુખ્ય બ્રિજ તૂટી પડ્યો છે, જેમાં અત્યાર સુધીમાં ૧૪ લોકોના મોત થયા છે અને ઘણાં લોકો ગુમ છે. અધિકારીઓએ મૃત્યુઆંક વધવાની સંભાવના વ્યક્ત કરી છે.વ્યાપક નુકસાનના કારણે સમગ્ર ઉત્તર બંગાળનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. દાર્જિલિંગ અને સિક્કિમ વચ્ચેનો કોરોનેશન બ્રિજ અચાનક તૂટી પડવાથી દાર્જિલિંગ અને સિક્કિમ વચ્ચેનો સંપર્ક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. આ ઉપરાંત સિલિગુડી અને મીરિકને જોડતો દુધિયા આયર્ન બ્રિજ પણ તૂટી પડ્યો છે, જેણે આસપાસના વિસ્તારોને અલગ કરી દીધા છે.ભારે વરસાદને કારણે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૦ પર ચિત્રે અને સેલ્ફી દારા સહિત અનેક સ્થળોએ ભૂસ્ખલન થયું છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૭૧૭એ પર પણ ભૂસ્ખલનના કારણે માર્ગો બંધ થઈ ગયા છે. તિસ્તા બજાર વિસ્તારમાં પૂર આવવાને કારણે કાલિમપોંગથી દાર્જિલિંગ સુધીનો માર્ગ પણ બંધ કરવો પડ્યો છે.પશ્ચિમ બંગાળના જલપાઈગુડી, સિલિગુડી અને કૂચબિહારમાં ભારે વરસાદને કારણે પાણી ભરાઈ ગયા



## આપણે એશિયા કપ જીતીશું, પાકિસ્તાન પર સતત બીજી જીત બાદ સૌરવ ગાંગુલી



। કોલકતા, તા.૫ ।

ભારતે એશિયા કપ ૨૦૨૫ના સુપર-૪ મેચમાં પાકિસ્તાનને છ વિકેટથી હરાવીને શાનદાર જીત નોંધાવી. આ વિજય બાદ, ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને વર્તમાન સીએબી પ્રમુખ સૌરવ ગાંગુલીએ ટીમ ઈન્ડિયાની પ્રશંસા કરી. ગાંગુલીએ કહ્યું, "ભારત ખૂબ જ સારી ટીમ છે. અમે સુપર-૪ મેચમાં પાકિસ્તાનને સરળતાથી હરાવ્યું. અમારી પાસે એશિયા કપ જીતવાની સારી તક છે. મને આશા છે કે અમે સારું રમીશું." ગાંગુલીના નિવેદનથી ટીમ ઈન્ડિયા અને ચાહકો બંનેનું મનોબળ વધ્યું છે. આ જીતથી ભારતનો ફાઈનલમાં પહોંચવાનો માર્ગ મોકળો થયો છે.ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળના પ્રમુખનું પદ સંભાળવા અંગે, ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સૌરવ ગાંગુલીએ કહ્યું, "મેં પહેલા પાંચ વર્ષ સુધી પ્રમુખ તરીકે સેવા આપી છે. અમે જે શ્રેષ્ઠ છે તે કરીશું. ભારતમાં ક્રિકેટ માટે જબરદસ્ત જુસ્સો છે. અહીં ઘણી પ્રતિભા છે. આ પ્રતિભાને ચેનલ કરવાનું અમારું કામ રહેશે."એ યાદ રહે કે વાર્ષિક સામાન્ય સભામાં સૌરવ ગાંગુલીને સર્વાનુમતે ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળના પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા. તેમની પેનલના બાકીના સભ્યો - બબલુ કોલે (સેક્રેટરી), મદન મોહન ઘોષ (જોઈન્ટ સેક્રેટરી), સંજય દાસ (કોષાધ્યક્ષ) અને અનુ દત્તા (ઉપપ્રમુખ) - પણ બિનહરીફ ચૂંટાયા હતા. ગાંગુલી અગાઉ ૨૦૧૫ થી ૨૦૧૯ સુધી સીએબી પ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા હતા. ત્યારબાદ તેમણે બીસીસીઆઈ પ્રમુખનું પદ સંભાળ્યું. લગભગ છ વર્ષ પછી તેઓ રાજ્ય ક્રિકેટ એસોસિએશનમાં પાછા ફર્યા.પ્રમુખપદ સંભાળ્યા પછી,

### બે જૂથ વચ્ચે ભારે હિંસા બાદ પરિસ્થિતિ બેકાબૂ બની હતી

## ઓડિશાના કટકમાં ભારેલો અગ્નિ : દુર્ગા મૂર્તિ વિસર્જનમાં બે જૂથ વચ્ચે હિંસા બાદ ઈન્ટરનેટ બંધ

। પટણા, તા.૨૩ ।

ઓડિશાના કટકમાં દુર્ગા પૂજા મૂર્તિ વિસર્જન દરમિયાન બે જૂથ વચ્ચે ભારે હિંસા બાદ પરિસ્થિતિ બેકાબૂ બની હતી. બે સમુદાય વચ્ચે ભારે પથ્થરમારો અને આગચંપીની ઘટનાઓ બાદ સમગ્ર જિલ્લામાં ૨૪ કલાક માટે ઈન્ટરનેટ તથા સોશિયલ મીડિયા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. નોંધનીય છે કે શુક્રવાર રાત્રે દુર્ગા મૂર્તિ વિસર્જનની યાત્રા દરમિયાન વિવાદ બાદ સમગ્ર તણાવ પેદા થયો હતો. રાત્રિના દોઢ બે વાગ્યા આસપાસ સ્થાનિકોએ ડીજે વગાડવા મુદ્દે વાંધો ઉઠાવ્યો હતો. જે બાદ વિવાદ વધતો ગયો અને ટોળાંએ ઘરની છત પરથી જ ભીડ પર પથ્થર વરસાવ્યા. કટકના ડીસીપી પણ આ પથ્થરમારામાં ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. હિંસાની ઘટનામાં ફૂટેજના આધારે પોલીસે છ ઉપદ્રવીઓની ધરપકડ કરી છે.




હિંસા મુદ્દે આજે ( રવિવારે ) કેટલાક લોકો આંદોલન કરી રહ્યા હતા જેએ બાદ પોલીસ અને આંદોલનકારીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. આ ઘર્ષણમાં પોલીસ ઈન્સ્પેક્ટર સહિતના અધિકારીઓ ઈજાગ્રસ્ત થયા. બીજી તરફ વિશ્વ હિન્દુ પરિષદે સોમવારે ૧૨ કલાકના 'બંધ'નું એલાન કર્યું છે. જે બાદ તંત્રએ ભીડ એકત્રિત થવા પર રોક લગાવી છે તથા પરિસ્થિતિ જોતાં ઈન્ટરનેટ પણ બંધ કરી દેવાયું છે.

ઓડિશાના કટકમાં દુર્ગા પૂજા મૂર્તિ વિસર્જન દરમિયાન બે જૂથ વચ્ચે ભારે હિંસા બાદ પરિસ્થિતિ બેકાબૂ બની હતી. બે સમુદાય વચ્ચે ભારે પથ્થરમારો અને આગચંપીની ઘટનાઓ બાદ સમગ્ર જિલ્લામાં ૨૪ કલાક માટે ઈન્ટરનેટ તથા સોશિયલ મીડિયા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. નોંધનીય છે કે શુક્રવાર રાત્રે દુર્ગા મૂર્તિ વિસર્જનની યાત્રા દરમિયાન વિવાદ બાદ સમગ્ર તણાવ પેદા થયો હતો. રાત્રિના દોઢ બે વાગ્યા આસપાસ સ્થાનિકોએ ડીજે વગાડવા મુદ્દે વાંધો ઉઠાવ્યો હતો.

જે બાદ વિવાદ વધતો ગયો અને ટોળાંએ ઘરની છત પરથી જ ભીડ પર પથ્થર વરસાવ્યા. કટકના ડીસીપી પણ આ પથ્થરમારામાં ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. હિંસાની ઘટનામાં ફૂટેજના આધારે પોલીસે છ ઉપદ્રવીઓની ધરપકડ કરી છે.હિંસા મુદ્દે આજે ( રવિવારે ) કેટલાક લોકો આંદોલન કરી રહ્યા હતા જેએ બાદ પોલીસ અને આંદોલનકારીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. આ ઘર્ષણમાં પોલીસ ઈન્સ્પેક્ટર સહિતના અધિકારીઓ ઈજાગ્રસ્ત થયા.

## ભાજપ સરકારે કરી ક્રૂર મજાક, ૬ લાખનો વાયદો કરી ૫૦૦૦ના ચેક પકડાવ્યા!

। ખંડવા, તા.૫ ।

મધ્ય પ્રદેશમાં સરકારી સહાયના નામે ભાજપ સરકારે પીડિત પરિવારો સાથે ક્રૂર મજાક કરી છે. ખંડવા જિલ્લામાં પાડલ ફાટામાં દુર્ઘટનાના પીડિતોના પરિવારોને બંધ કવર સોંપતી વખતે મુખ્યમંત્રી મોહન યાદવે ફોટો પડાવ્યો હતો, જ્યારે બીજા દિવસે મંત્રી વિજય શાહે એમાં ઘાયલોને બંધ કવર આપ્યું હતું. પરંતુ હવે આ બંધ કવરમાં શું હતું તે જાણીને તમને નવાઈ લાગશે.વાસ્તવમાં ૨ ઓક્ટોબરના રોજ સાંજે ખંડવા જિલ્લાના પંધાના નજીક એક તળાવમાં દુર્ગા મૂર્તિના વિસર્જન દરમિયાન એક ટ્રેક્ટર-ટ્રોલી પલટી જવાથી મોટી દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં ૧૧ લોકોના મોત થઈ ગયા હતા. તેમાં મોટાભાગે નાની બાળકીઓ અને કેટલાક યુવાનો હતા.ઘટના બાદ તરત જ મુખ્યમંત્રી મોહન યાદવે મૃતકોના પરિવારજનોને ૪-૪ લાખની આર્થિક સહાય આપવાનો આદેશ આપ્યો હતો. આ સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ અને ઘાયલોને ૫૦-૫૦ હજારની નાણાકીય સહાયની જાહેરાત કરી હતી.આ ઉપરાંત મુખ્યમંત્રીએ ગંભીર રીતે ઘાયલ થયેલા લોકો માટે ૧ લાખ રૂપિયાની રાહત રકમની જાહેરાત કરી હતી. આમ, મૃતકોના પરિવારજનોને કુલ ૬ લાખ રૂપિયા અને ઘાયલોને દોઢ લાખ રૂપિયા મળવાના હતા.

હવે જ્યારે મુખ્યમંત્રી મોહન યાદવ પાડલ ફાટા પહોંચ્યા અને પરિવારના સભ્યો સાથે મુલાકાત કરીને સાંત્વના આપી, ત્યારે તેમણે તેમને બંધ કવર આપ્યા. બધાને લાગ્યું કે, તેમાં જાહેર કરાયેલી ૪ લાખ રૂપિયાની રકમના ચેક હશે. પરંતુ જ્યારે પરિવારના સભ્યોએ ઘરે જઈને કવર ખોલ્યા, ત્યારે તેઓ હેરાન રહી ગયા. કારણ કે, કવરમાં ચેક નહીં પરંતુ માત્ર જીલ્હસપંધાનાનો રકમ સ્વીકૃતિ પત્ર હતો.

## દિલ્હીમાં બે વિદેશી કોચ સહિત ૬ લોકોને રખડતાં શ્વાન કરડી ગયા, ભાજપ નેતાએ ઉઠાવ્યા સવાલ



। દિલ્હી,તા.૫ ।

દિલ્હીમાં આયોજિત વર્લ્ડ પેરા એથલેટિક્સ ચેમ્પિયનશીપમાં સુરક્ષા વ્યવસ્થા મામલે મોટી ખામી સર્જાઈ છે. દિલ્હીના જવાહરલાલ નેહરૂ સ્ટેડિયમ પરિસરમાં બે વિદેશી કોચ પર રખડતાં શ્વાનોએ હુમલો કરી દીધો હતો. આ હડકાયેલા શ્વાને ચાર સુરક્ષાકર્મીને બચકાં ભર્યા હતાં. તેમને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના બાદ નગર નિગમ સફાળુ જાગ્યું છે. તેણે શહેરમાં રખડતાં શ્વાનોને પકડવાની કામગીરી હાથ ધરી છે. ભાજપના એક નેતાએ આ ડૉગ અટેકની ઘટનાનો વિરોધ કર્યો હતો.ભાજપ નેતા વિજય ગોયલે જણાવ્યું હતું કે, આ ઘટના દેશની શાખ પર ધબ્બા સમાન છે. શું સુપ્રીમ કોર્ટના જજે શ્વાનને રસ્તા પર ખુલ્લા મુકવાનો આદેશ આપ્યો હતો. હવે કોણ જવાબદારી લેશે? દેશ બદનામ થઈ રહ્યો છે. જવાબદાર કોણ? દિલ્હીના જેએલએન સ્ટેડિયમમાં આંતરરાષ્ટ્રીય પેરા એથલેટિક્સ દરમિયાન જાપાન અને કેન્યાના કોચને રખડતાં શ્વાને કરડી લીધું છે. પહેલી ઘટનામાં કેન્યાના કોચ ડેનિસ મરાગિયા પર સ્ટેડિયમના એરિના નજીક શ્વાને હુમલો કર્યો હતો. તેમના પગ પર ઊંડો ઘા થયો હતો. થોડીવાર બાદ જાપાનના કોચ મેઈકો ઓકુમાત્સુને પણ વોર્મ-અપ ટ્રેક નજીક ટ્રેનિંગ સેશન દરમિયાન શ્વાને અચાનક હુમલો કર્યો હતો. બંને કોચને તાત્કાલિક ધોરણે સ્ટેડિયમના મેડિકલ રૂમમાં પ્રાથમિક ઉપચાર આપવામાં આવ્યો હતો, ત્યારબાદ સફદરજંગ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં. હાલ બંનેની સ્થિતિ સ્થિર છે. દિલ્હીમાં આયોજિત વર્લ્ડ પેરા એથલેટિક્સ ચેમ્પિયનશીપમાં સુરક્ષા વ્યવસ્થા મામલે મોટી ખામી સર્જાઈ છે. દિલ્હીના જવાહરલાલ નેહરૂ સ્ટેડિયમ પરિસરમાં બે વિદેશી કોચ પર રખડતાં શ્વાનોએ હુમલો કરી દીધો હતો. આ હડકાયેલા શ્વાને ચાર સુરક્ષાકર્મીને બચકાં ભર્યા હતાં. તેમને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

**હવામાન ખુશનુમા બન્યુ** | રોહતાંગ, બરાલાચા, શિંકુલા અને કુન્ઝુમ મનાલી અને લાહુલ સ્પિટીના ગ્રામીણ વિસ્તારોમાં પણ હિમવર્ષા થઈ રહી છે

## હિમાચલના પર્યટન માટે જાણીતા શહેરોમાં હિમવર્ષા, લેહમાં હાઈવે પર અનેક વાહનો ફસાયા

। નવીદિલ્હી, તા.૨૩ ।

હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાના કારણે પર્યટકો માટે હવામાન ખુશનુમા બન્યુ છે. હિમવર્ષાએ હિમાચલ પ્રદેશના પર્યટન સ્થળોની સુંદરતામાં વધારો કર્યો છે. સીઝનની શરૂઆતમાં જ મનાલી અને લાહુલ બરફની ચાદરથી ઢંકાઈ ગયા છે.

બીજી તરફ, હિમવર્ષાને કારણે લેહ જનારા પ્રવાસીઓની મુશ્કેલીઓ વધી ગઈ છે. રોહતાંગ, બરાલાચા, શિંકુલા અને કુન્ઝુમ મનાલી અને લાહુલ સ્પિટીના ગ્રામીણ વિસ્તારોમાં પણ હિમવર્ષા થઈ રહી છે. કુલ્લુ અને મનાલીમાં વરસાદ કારણે વાતાવરણ ઠંડુ થઈ ગયું છે. હિમવર્ષાના કારણે લેહ-મનાલી હાઈવે પર અનેક વાહન ફસાઈ ગયા




હતા. બારાલાચા અને શિંકુલામાં પણ ભારે ટ્રાફિક થયો હતો.હિમવર્ષાના કારણે લેહમાં પરિવહન સેવા ખોરવાઈ છે. મનાલીથી રોહતાંગ થઈ લેહ જતાં માર્ગોમાં બરફની ચાદર પથરાતાં વાહન-વ્યવહાર બંધ છે. ડિઝલ-પેટ્રોલના ટેન્કર મઢીમાં રોકવામાં આવ્યા હતાં. અન્ય ટ્રક અટલ ટનલ થઈ લેહ લઈ જવામાં આવ્યા છે. પરંતુ પેટ્રોલ-ડિઝલના ટેન્કર આ રસ્તાથી મોકલવા જોખમી હોવાથી તેનો સપ્લાય થંભ્યો છે.

વધતી હિમવર્ષાના કારણે રોહતાંગ પાસમાં વાહનોની અવરજવર બંધ કરવામાં આવી છે. રોહતાંગ પાસમાં હિમવર્ષા થઈ રહી છે, જેમાં રાહિનાનાલા, મઢી, ગુલાબા, કોકસર, અટલના ઉત્તર અને દક્ષિણ પોર્ટલ અને અંજની મહાદેવમાં પણ ભારે હિમવર્ષાના કારણે અવરજવર બંધ કરવામાં આવી છે.૦સીઝનની શરૂઆતમાં જ સારી એવી હિમવર્ષાના કારણે ટુરિઝમ બિઝનેસ વેગવાન બનવાનો આશાવાદ ઉદ્યોગજગતના નિષ્ણાતો દ્વારા વ્યક્ત થઈ રહ્યો છે. મનાલીની ટોચ પર હિમવર્ષા પ્રવાસીઓ માટે સુખદ સમાચાર છે. ઉદ્યોગ નિષ્ણાતોના મતે, બરફની ચાદરથી હિમાચલની સુંદરતામાં ચારચાંદ લાગ્યા છે. પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. દરવર્ષે ૧૫ ઓક્ટોબર બાદ હિમવર્ષા થતી હોય છે. પરંતુ વર્ષે ઓક્ટોબરની શરૂઆતમાં જ હિમવર્ષા થઈ છે. મનાલીના ડીએસપી કેડી શર્માએ જણાવ્યું હતું કે, રોહતાંગ પાસ પર હિમવર્ષા ઝડપી બની છે. અત્યારસુધીમાં ચાર ઈંચ બરફ પડ્યો છે. રોહતાંગ પાસ વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે. મઢી નજીક કેટલાક ટેન્કરોને રોકવામાં આવ્યા છે.

# જ્યોર્જિયામાં સરકારી વિરોધી દેખાવ । લોકોના ટોળાએ રાષ્ટ્રપતિ ભવનને ઘેર્યો





જ્યોર્જિયાની રાજધાની તિબિલિસીમાં શનિવારે (૪ ઓક્ટોબર) હજારો સરકાર વિરોધી પ્રદર્શનકારીઓએ રાષ્ટ્રપતિ ભવન (ઓર્બેલિયાની પેલેસ) પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો, જેના કારણે પોલીસ સાથે હિંસક અથડામણ થઈ. પોલીસે પ્રદર્શનકારીઓને વિખેરવા માટે પાણીનો મારો કરવામાં આવ્યો હતો. આ સિવાય પેપર સ્પ્રે અને આંસુ ગેસનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. અમુક પ્રદર્શનકારીઓ બેરિકેડિંગ તોડીને રાષ્ટ્રપતિ ભવન પરિસરમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યાર બાદ સ્થિતિ વણસી હતી. આ વિરોધ પ્રદર્શન દેશમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સામે છે, જેનો મોટાભાગના વિરોધ પક્ષો દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો હતો, જે યુરોપિયન યુનિયન (ઈ) તરફી છે. જ્યોર્જિયાની વર્તમાન સરકારે યુરોપિયન સંઘ પર દેશમાં રમખાણો ભડકાવવાનો આરોપ લગાવ્યો છે. વડાપ્રધાન ઈરાકલી કોબાખિદ્ઝે કહ્યુ કે, યુરોપિયન સંઘના ઝંડા સાથે તોફાનીઓએ રાષ્ટ્રપતિ ભવનની બહારના બેરિકેડ્સમાં આગ લગાવી હતી. તેમણે યુરોપિયન સંઘ રાજદૂત પર જ્યોર્જિયામાં 'બંધારણીય વ્યવસ્થાને ઉથલાવી પાડવાના પ્રયાસ'માં વિરોધીઓને મદદ કરવાનો આરોપ લગાવ્યો.

## અક્ષય કુમાર પોતાના કરતાં 30 વરસ નાની મીનાક્ષી ચૌધરી સાથે જોડી જમાવશે



। મુંબઇ, તા.૫ ।

અક્ષય કુમારે પોતાના કરતાં ૩૦ વરસ નાની અભિનેત્રી મિનાક્ષી ચોધરી સાથે કામ કરવાનું પસંદ કર્યુ છે. અભિનેતા મિનાક્ષી ચોધરી સાથે ભાગમ ભાગ ટુમાં જોડી જમાવવાનો નિર્ણય લીધો છે. ભાગમ ભાગ ટુ ૨૦૦૬ની જાણીતી કોમેડી હિટ ફિલ્મ છે જી સીકવલની તૈયારી થઇ રહી છે. રસપ્રદ તો એ છે કે, જોન અબ્રાહમે પણ પોતાની ફોર્સ ૩ માટે મિનાક્ષી ચોધરીની સાથે કામ કરવાનું પસંદ કર્યુ છે.

આ રીતે મિનાક્ષી ચોધરીને એક સાથે બોલીવૂડની બે ફિલ્મો મળી ગઇ છે. જોકે ફિલ્મની ટીમે સત્તાવાર ઘોષણા કરી નથી. ઉલ્લેખનીય છે કે, ફિલ્મ ભાગમ ભાગને જબરદસ્ત સફળથા મળી હતી. મૂળ ફિલ્મ ૨૦૦૬માં રિલીઝ થઇ હતી. જેમાં અક્ષય કુમર, ગોવિંદા, પરેશ રાવલ મુખ્ય રોલમાં હતા. જ્યારે તેમની સાથે રાજપાલ યાદવ, લારા દત્તા, જેકી શ્રોફ અને અરબાઝ ખાન જેવા સપોર્ટિંગ કલાકારોએ મળીને રૂપેરી પડદે હાસ્યની છોળો ઊડાડી હતી.ભાગમ ભાગ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ થઇ હોવાથી હવે તેની સીકવલ પર વધુ મહેનત કરવી પડશે. આ સીકવલમાં ગોવિંદા ફરી જોવા મળશે કે નહીં તે અંગે પ્રશ્નાર્થ છે.

## ૨૦૨૪માં ભારત-અમેરિકાનો દ્વિપક્ષીય વેપાર ૨૧૨.૩ બિલિયન ડોલર સુધી પહોંચી ગયો

# શું ભારત રશિયાથી અંતર જાળવવા લાગ્યું છે? ટ્રમ્પના ખાસ અમેરિકન રાજદૂતનો મોટો દાવો

**ગ્રીયરે કહ્યું કે, 'રશિયા પાસેથી ઊર્જાની ખરીદી એ ભારતની અર્થવ્યવસ્થાનો કોઈ સ્થાયી પાયો નથી, અમને લાગે છે કે ભારત તેના વિના પણ આગળ વધી શકે છે**

। ન્યૂયોર્ક, તા.૫ ।

અમેરિકન વ્યાપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીયરે ન્યૂયોર્કના ઈકોનોમિક ક્લબમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, ભારતે રશિયાથી ઊર્જા પુરવઠા પરની નિર્ભરતા ઘટાડવાનું શરૂ કરી દીધું છે અને આ દિશામાં તેના પ્રયાસો સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે. અમેરિકા અને ભારત વચ્ચેના વેપારી મતભેદોના નિરાકરણની દિશામાં સકારાત્મક પ્રગતિ થઈ રહી છે.

ગ્રીયરે કહ્યું કે, 'રશિયા પાસેથી ઊર્જાની ખરીદી એ ભારતની અર્થવ્યવસ્થાનો કોઈ સ્થાયી પાયો નથી. અમને લાગે છે કે ભારત તેના વિના પણ આગળ વધી શકે છે. હકીકતમાં, અમે જોઈ રહ્યા છીએ કે તેઓ હવે વિવિધીકરણ શરૂ કરી ચૂક્યા છે.'ગ્રીયરે સ્વીકાર્યું કે, ભારતે ૨૦૨૨માં યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ રશિયા પાસેથી તેલની ખરીદી વધારી હતી, પરંતુ હવે તે ધીમે ધીમે વૈકલ્પિક સ્રોતો તરફ વળી રહ્યું છે. અમેરિકા ભારતની વિદેશ નીતિ પર નિયંત્રણ કે હસ્તક્ષેપ કરવા માંગતું નથી, પરંતુ માત્ર રશિયાની ઊર્જા વેચાણમાંથી થતી આવકને મર્યાદિત કરવા માંગે છે, જેનાથી યુક્રેન યુદ્ધને નાણાંકીય સહાય મળી



રહી છે. ભારત એક સાર્વભૌમ દેશ છે, તે તેના નિર્ણયો પોતે લેશે. અમારો હેતું એ નક્કી કરવાનો નથી કે ભારતે કોની સાથે સંબંધો રાખવા કે ન રાખવા. અમે બસ એ સુનિશ્ચિત કરવા માંગીએ છીએ કે વ્લાદિમીર પુતિન પર મહત્તમ દબાણ બને.'

હાલમાં ભારત અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ૫૦% ટેરિફનો સામનો કરી રહ્યું છે, જે વિશ્વમાં સૌથી ઊંચા દરોમાંનો એક છે. આમાં ૨૫% પ્રતિશોધાત્મક કર અને રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી સાથે સંકળાયેલો વધારાનો ૨૫% દંડાત્મક કર સામેલ છે. આ ટેરિફ ભારતના મુખ્ય નિકાસ ક્ષેત્રો જેવા કે ટેક્સટાઈલ, રત્ન-આભૂષણ અને દરિયાઈ ઉત્પાદનોને અસર કરી રહ્યો છે.

ગ્રીયરે કહ્યું કે, બંને દેશો વચ્ચે વેપાર વાટાઘાટો ટ્રમ્પ વહીવટીતંત્રની શરૂઆતથી ચાલી રહી છે. તાજેતરમાં સપ્ટેમ્બરમાં, તેમણે વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ સાથે મુલાકાત કરી હતી, જ્યાં બંને પક્ષોએ ૫૦% ટેરિફ વિવાદના સમાધાન પર ચર્ચા કરી હતી.

૨૦૨૪માં ભારત-અમેરિકાનો દ્વિપક્ષીય વેપાર ૨૧૨.૩ બિલિયન ડોલર સુધી પહોંચી ગયો છે, જેમાં ભારતને ૪૦-૪૫ બિલિયન ડોલરનો વેપાર સરપ્લસ રહ્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્રનો લક્ષ્યાંક આ વેપાર અસંતુલનને ઘટાડવાનો છે.

## પ્રમુખ ટ્રમ્પના પીસ પ્લાન પર ઈઝરાયેલ-હમાસ બંને સહમત

# નેતન્યાહુનો ઈઝરાયેલ સૈન્યને ગાઝામાં હુમલા રોકવા નિર્દેશ

**બાકીના ૪૮ બંધકોને છોડવા, પેલેસ્ટાઈનના અન્ય એકમને સત્તા સોંપવા માટે હમાસની તૈયારી પરંતુ શસ્ત્રો હેઠા મૂકવા અંગે મૌન**

। તેલ અવીવ, તા.૫ ।

દુબઈ/ : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થતાથી આખરે મધ્ય-પૂર્વમાં ગાઝા પટ્ટીમાં બે વર્ષથી ચાલતું ઈઝરાયેલ-હમાસ યુદ્ધ પૂરું થવાની આશા છે. પ્રમુખ ટ્રમ્પના ૨૦ મુદ્દાના પીસ પ્લાનને ઈઝરાયેલ પછી હવે હમાસે પણ સ્વીકારવા માટે સહમતી વ્યક્ત કરતા ઈઝરાયેલના બધા જ બંધકોને પાછા સોંપવાની તૈયારી દર્શાવી છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પણ ટ્રમ્પની શાંતિ યોજનાના પહેલા તબક્કાને લાગુ કરવાની તૈયારી કરતા સૈન્યને ગાઝા પટ્ટીમાં હુમલા નહીં કરવા આદેશ આપ્યો છે.ઈઝરાયેલના મીડિયા રિપોર્ટ મુજબ વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને અન્ય ટોચના નેતાઓએ તેમના સૈન્યને ગાઝા સિટી પર કબજો કરવાનું અભિયાન રોકવા અને માત્ર રક્ષણાત્મક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. સૂત્રો મુજબ ટ્રમ્પે નેતન્યાહુને ગાઝામાં હુમલા રોકવા કહ્યું ત્યારે તેમને આશ્ચર્ય થયું હતું, પરંતુ તેમણે અનિચ્છા છતાં હુમલા રોકવા પડ્યા છે. દરમિયાન હમાસે ટ્રમ્પની શાંતિ દરખાસ્ત સ્વીકારતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'ગાઝામાં શાંતિ સ્થાપવાના પ્રમુખ ટ્રમ્પના પ્રયાસોએ નિર્ણયાત્મક પ્રગતિ' કરી છે. આ સાથે બંધકોની મુક્તિની આશા એક નિર્ણયાત્મક આગે કદમ છે. ભારત ગાઝામાં સતત જળવાઈ રહેનારી ન્યાયયુક્ત શાંતિને સતત અનુમોદન આપશે જ.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે જણાવ્યું હતું કે, હમાસ 'સ્થાયી શાંતિ' માટે તૈયાર છે. આ સાથે પ્રમુખ ટ્રમ્પે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને ગાઝામાં હુમલા રોકવા માટે આદેશ આપ્યો હતો. આ પહેલા પ્રમુખ ટ્રમ્પે હમાસને ચેતવણી આપતાં કહ્યું હતું કે, 'તો આ શાંતિ યોજના સ્વીકારે નહીં તો તેમના ઉપર નરક તૂટી પડશે.' નિરીક્ષકોનું માનવું છે કે, ટ્રમ્પની ધમકીની સીધી અસર હમાસ ઉપર થઈ હશે તેથી તેઓ શાંતિ યોજના સ્વીકારવા તૈયાર થયા છે.હમાસે ટ્રમ્પની શાંતિ યોજના અંગે કહ્યું કે, તે આ યોજનાના કેટલાક ભાગને સ્વીકારવા તૈયાર છે.

## મહિલા પ્રધાન ફિલ્મ માટે નાગ અશ્વિને સાંઇ પલ્લવીનો સંપર્ક કર્યો



। મુંબઇ, તા.૫ ।

નાગ અશ્વિને પોતાની આગામી મહિલા પ્રધાન ફિલ્મ માટે સાંઈ પલ્લવીનો સંપર્ક કર્યો છે.એક રિપોર્ટમાં સૂત્રના હવાલાથી જણાવામાં આવ્યું છે કે, નાગે મહિલા કલ્કિ ટુ પહેલા મહિલા પ્રધાન ફિલ્મ બનાવવાનો વિચાર કર્યો છે. જેના માટે તેણે સાંઈ પલ્લવીનો સંપર્ક કર્યો છે. રસપ્રદ છે કે, આલિયા ભટ્ટ અત્યાર સુધી આ ફિલ્મ માટે નાગ અશ્વિન સાથે વાતચીત કરી રહી હતી.પરંતુ આ ફિલ્મની વાતચીત થોડા સમય માટે થંભી ગઈ હોવાથી આલિયા ભટ્ટ લાંબા સમય સુધી રાહ જોઈ શકે તેમ નથી. આલિયા માર્ચ મહિનાથી મેડોક ફિલ્મની ચામુંડા ફિલ્મ માટે તારીખ આપી ચુકી છે. જ્યારે સાંઈ પલ્લવી નિતેશ તિવારીની બે ભાગ માટેની રામાયણમાં કામ કરી રહી છે. જેનો બીજો ભાગ ૨૦૨૬ના મધ્યમાં પુરો થાય તેવી શક્યતા છે. જો સાંઈ પલ્લવી અને નાગ અશ્વિનની તારીખો મેળ ખાશે તો બન્ને જણા સાથે કામ કરશે. નાગ અશ્વિને પોતાની આગામી મહિલા પ્રધાન ફિલ્મ માટે સાંઈ પલ્લવીનો સંપર્ક કર્યો છે.એક રિપોર્ટમાં સૂત્રના હવાલાથી જણાવામાં આવ્યું છે કે, નાગે મહિલા કલ્કિ ટુ પહેલા મહિલા પ્રધાન ફિલ્મ બનાવવાનો વિચાર કર્યો છે. જેના માટે તેણે સાંઈ પલ્લવીનો સંપર્ક કર્યો છે. રસપ્રદ છે કે, આલિયા ભટ્ટ અત્યાર સુધી આ ફિલ્મ માટે નાગ અશ્વિન સાથે વાતચીત કરી રહી હતી.

## જાપાનમાં ૬.૦ ની તીવ્રતાના જોરદાર ભૂકંપથી લોકોમાં ફફડાટ, સુનામીનું એલર્ટ નહીં

। તાકાસાકી, તા.૫ ।

જાપાનની ધરતી ફરી એકવાર શક્તિશાળી ભૂકંપથી ધ્રુજી ઉઠી. જાપાનના હોન્શુના પૂર્વ કિનારા નજીક આ ભૂકંપ આવ્યો હતો જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૦ નોંધાઈ હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (દ્ગઝ્રજી) એ ભૂકંપની પુષ્ટિ કરી અને જણાવ્યું કે તેનું કેન્દ્ર તાકાસાકી શહેરથી આશરે ૨૬૨ કિલોમીટર ઉત્તરપૂર્વમાં, ૫૦ કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું.જોકે જાપાન વેધર એજન્સીએ સુનામીની ચેતવણી જારી કરી નથી પરંતુ તેમ છતાં લોકોમાં ગભરાટ ફેલાયો છે. ઉલ્લેખનીય છે કે જાપાનના સ્થાનિક સમય મુજબ ૫ ઓક્ટોબરના રોજ રાત્રે ૧૨:૨૧ વાગ્યે ભૂકંપ આવ્યો હતો અને ટોક્યો, સેન્ડાઈ અને ઈવાકી સુધી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જાપાનની ધરતી ફરી એકવાર શક્તિશાળી ભૂકંપથી ધ્રુજી ઉઠી. જાપાનના હોન્શુના પૂર્વ કિનારા નજીક આ ભૂકંપ આવ્યો હતો જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૦ નોંધાઈ હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (દ્ગઝ્રજી) એ ભૂકંપની પુષ્ટિ કરી અને જણાવ્યું કે તેનું કેન્દ્ર તાકાસાકી શહેરથી આશરે ૨૬૨ કિલોમીટર ઉત્તરપૂર્વમાં, ૫૦ કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું.જોકે જાપાન વેધર એજન્સીએ સુનામીની ચેતવણી જારી કરી નથી પરંતુ તેમ છતાં લોકોમાં ગભરાટ ફેલાયો છે.

## ગાઝામાં ઈઝરાયેલના હુમલા યથાવત્ રહ્યા : ૬ લોકોનાં મોત । બોમ્બમારો રોકવા નિર્દેશ છતાં નેતન્યાહુ માન્યા નહીં

। ગાઝા, તા.૫ ।

ગાઝા સિટી : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય-પૂર્વમાં શાંતિ માટે પીસ પ્લાન રજૂ કરવા છતાં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ માન્યા નહીં અને ગાઝા સિટી પર હુમલા ચાલુ રાખ્યા છે. ઈઝરાયેલના હુમલામાં ગાઝામાં છ લોકોનાં મોત નીપજ્યાં હોવાનું પેલેસ્ટાઈનના મીડિયાએ જણાવ્યું છે.

ઈઝરાયેલ સૈન્યે શનિવારે સવારે એક નીવેદનમાં જણાવ્યું હતું કે, ચીફ ઓફ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ ઈયાલ જામિરે સૈનિકોને નિર્દેશ આપ્યા છે કે 'દરેક જોખમને ખતમ કરવામાં આવે.' આ આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે હમાસે ટ્રમ્પની શાંતિ યોજનાને આંશિકરૂપે સ્વીકારવાની જાહેરાત કરી હતી.

ટ્રમ્પે શુક્રવારે પીસ પ્લાન રજૂ કર્યા પછી ઈઝરાયેલે કહ્યું હતું કે, હવે ગાઝા પર બોમ્બમારો બંધ કરો અને બંધકોને સુરક્ષિત બહાર લાવો.

જોકે, પેલેસ્ટાઈનના મીડિયાએ જણાવ્યું કે, ગાઝા સિટીના તુફ્ફાહ વિસ્તારમાં ઈઝરાયેલના હુમલામાં છ લોકોનાં મોત થયા છે. આ સિવાય બુરેજ અને ખાન યુનિસ ક્ષેત્રોમાં પણ ગોળીબાર કરવામાં આવ્યો છે. ગાઝાની સિવિલ ડિફેન્સે દાવો કર્યો કે ઈઝરાયેલે ટ્રમ્પના નિર્દેશ છતાં ગાઝા સિટી અને આજુબાજુના વિસ્તારો પર ડઝનબંધ હવાઈ હુમલા કર્યા છે. પ્રવક્તા મહમૂદ બસ્સલે કહ્યું કે, આ હિંસક રાત હતી.

ઈઝરાયેલના સૈન્યે ગાઝા સિટી અને અન્ય વિસ્તારો પર ભારે બોમ્બમારો કર્યો છે. ૨૦ ઘરનો સંપૂર્ણપણે નાશ થઈ ગયો છે. ખાન યુનિસની નાસ્સર હોસ્પિટલે કહ્યું કે, ડ્રોન હુમલામાં બે બાળકોનાં મોત થયા અને આઠ લોકો ઘાયલ થયા છે.


**ફેડરલ કોર્ટે આ નિર્ણય પર ૧૮ ઓક્ટોબર સુધી સ્ટે મૂક્યો છે**

**ઓરેગોનના પોર્ટલેન્ડમાં ૨૦૦ નેશનલ ગાર્ડ સૈનિકો તહેનાત કરવાના અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણયને શનિવારે મોટો ઝટકો લાગ્યો**

# ડોનાલ્ડ ટ્રમ્પને ફરી મોટો ઝટકો, પોર્ટલેન્ડમાં સૈન્ય તહેનાતીના આદેશ સામે કોર્ટે રોક લગાવી

। સીએટલ, તા.૫ ।

ઓરેગોનના પોર્ટલેન્ડમાં ૨૦૦ નેશનલ ગાર્ડ સૈનિકો તહેનાત કરવાના અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણયને શનિવારે મોટો ઝટકો લાગ્યો. એક ફેડરલ કોર્ટે આ નિર્ણય પર ૧૮ ઓક્ટોબર સુધી સ્ટે મૂક્યો છે.ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન નિયુક્ત થયેલા યુએસ ડિસ્ટ્રિક્ટ જજ કરીન ઈમરગુટે આ આદેશ જારી કર્યો હતો. તેમણે કહ્યું કે વહીવટીતંત્રે એવા કોઈ પુરાવા રજૂ કર્યા નથી કે પોર્ટલેન્ડમાં વિરોધ પ્રદર્શન "બળવા" ના સ્તરે પહોંચી ગયા હોય અથવા કાયદો અને વ્યવસ્થામાં ગંભીર દખલ કરી હોય. ઓરેગોનના એટર્ની જનરલ ડેન રેફિલ્ડે ટ્રમ્પ સરકારના આ પગલાને કોર્ટમાં પડકાર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે પ્રમુખ નેશનલ ગાર્ડને ગેરકાયદેસર રીતે નિયંત્રિત કરવા માટે તેમની ઈમિગ્રેશન નીતિઓ સામે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનોને અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કરી રહ્યા છે.ઓરેગોન સરકારે કોર્ટને જણાવ્યું હતું કે ટ્રમ્પનો નિર્ણય રાજ્યની સ્વાયત્તતા પર હુમલો અને ફેડરલ કાયદાનું ઉલ્લંઘન છે. કોર્ટ ફાઈલિંગમાં જણાવાયું છે કે



ટ્રમ્પે ૨૦૨૦ માં ફોક્સ ન્યૂઝ પર દર્શાવવામાં આવેલા મોટા અને હિંસક દેખાવોના વીડિયો જોયા પછી આ આદેશ જારી કર્યો હતો, જ્યારે આ વખતે દેખાવો "નાના અને શાંતિપૂર્ણ" હતા. રાજ્ય સરકારના વકીલોએ જણાવ્યું હતું કે જૂનના મધ્યમાં ફક્ત ૨૫ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી ત્રણ મહિનામાં કોઈ ધરપકડ કરવામાં આવી નથી. વ્હાઈટ હાઉસે સંકેત આપ્યો છે કે તે આદેશને પડકારશે. શનિવારે સાંજે દક્ષિણ પોર્ટલેન્ડમાં ઝ્રઈ હેડક્વાર્ટરની બહાર દેખાવકારો એકઠા થયા હતા અને સુરક્ષા દળો વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા, પરંતુ પરિસ્થિતિ નિયંત્રણમાં રહી હતી. ટ્રમ્પ વહીવટીતંત્રનું કહેવું છે કે ફેડરલ ઈમારતોને "ઘરેલું આતંકવાદ" થી બચાવવા માટે આ પગલું જરૂરી છે, જ્યારે વિપક્ષી ડેમોક્રેટિક નેતાઓ તેને રાજકીય હસ્તક્ષેપ અને સત્તાનો દુરુપયોગ ગણાવી રહ્યા છે. ઓરેગોનના પોર્ટલેન્ડમાં ૨૦૦ નેશનલ ગાર્ડ સૈનિકો તહેનાત કરવાના અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણયને શનિવારે મોટો ઝટકો લાગ્યો. એક ફેડરલ કોર્ટે આ નિર્ણય પર ૧૮ ઓક્ટોબર સુધી સ્ટે મૂક્યો છે.ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન નિયુક્ત થયેલા યુએસ ડિસ્ટ્રિક્ટ જજ કરીન ઈમરગુટે આ આદેશ જારી કર્યો હતો. તેમણે કહ્યું કે વહીવટીતંત્રે એવા કોઈ પુરાવા રજૂ કર્યા નથી.

**પ્રોફેશનલ્સને અરાજક સ્થિતિમાં નાંખી** | **બંધારણ મુજબ ટેક્સ અથવા ચાર્જ લગાવવાનો અધિકાર માત્ર કોંગ્રેસ પાસે, પ્રમુખને ફી વધારવાની સત્તા નથીઃ અરજદારો**

# એચ-૧બી વિઝા ફી ૧ લાખ ડોલર કરવા સામે ફેડરલ કોર્ટમાં કેસ

। સીએટલ, તા.૫ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આઈટી, ડૉક્ટર જેવી નોકરીઓ વિદેશીઓના હાથમાં જતી રોકવા માટે એચ-૧બી વિઝા ફી વધારીને ૧ લાખ ડોલર કરી નાંખી હતી. જોકે, ટ્રમ્પના આ નિર્ણયને પણ ફેડરલ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. ટ્રમ્પના આ નિર્ણય વિરુદ્ધ યુનિવર્સિટીઓના પ્રોફેસર અને અન્ય લોકોના જૂથે શુક્રવારે ફેડરલ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશી પ્રોફેશનલ્સ માટેના એચ-૧બી વિઝાની ફી ૧,૦૦૦ ડોલરથી વધારીને ૧ લાખ ડોલર કરવાના નિર્ણય મુદ્દે અમેરિકામાં કાયદાકીય




લડાઈ શરૂ થઈ ગઈ છે. અનેક ટ્રેડ યુનિયનો, એમ્પ્લોયર અને ધાર્મિક સંગઠનોના એક ગઠબંધને શુક્રવારે સાન ફ્રાન્સિસ્કોની ફેડરલ કોર્ટમાં અરજી કરીને આ આદેશનો અમલ રોકવા માગ કરી છે.

ડેમોક્રેસી ફોરવર્ડ ફાઉન્ડેશન અને જસ્ટિસ એક્શન સેન્ટરે કહ્યું, આ કેસમાં કોઈ રાત નહીં મળતા હોસ્પિટલોને તબીબી કર્મચારીઓ, ચર્ચોને પાદરીઓ અને શિક્ષણના ક્ષેત્રમાં શિક્ષકોની અછતનો સામનો કરવો પડશે અને સમગ્ર દેશના ઉદ્યોગોને ઈનોવેટર્સને ગુમાવવાનું જોખમ રહે છે. અરજદારોએ ટ્રમ્પના આદેશ પર તુરંત સ્ટે મૂકવા માગ કરી છે. પ્રમુખ ટ્રમ્પે એચ-૧બી વિઝા અંગે ૧૯ સપ્ટેમ્બરે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં એચ-૧બી વિઝાની ફી વધારીને ૧ લાખ ડોલર કરી દેવાઈ હતી. ટ્રમ્પે આ સમયે કહ્યું હતું કે, એચ-૧બી વિઝા કાર્યક્રમનો ઈરાદાપૂર્વક દુરુપયોગ કરાઈ રહ્યો છે,

જેના કારણે અમેરિકન પ્રોફેશનલ્સના બદલે તેમના કરતાં ઓછું વેતન મેળવતા વિદેશી પ્રોફેશનલ્સને રોજગારી પૂરી પાડવામાં આવે છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એચ-૧બી વિઝા ફી વધારીને ૧ લાખ ડોલર કરવાના નિર્ણયનો ઉદ્યોગ જગતમાંથી પણ વિરોધ શરૂ થઈ ગયો છે. લગભગ એક ડઝનથી વધુ બિઝનેસ ગ્રુપે ટ્રમ્પ સરકારને પત્ર લખીને ચેતવણી આપી છે કે આ નિર્ણયથી અમેરિકન અર્થતંત્ર પર નકારાત્મક અસર પડી શકે છે અને કંપનીઓ માટે વિદેશી સ્કિલ્ડ ટેલેન્ટ મેળવવી મુશ્કેલ બની જશે. જોકે, ઉદ્યોગ જગતનું કહેવું છે કે આ નીતિથી ટેક્નોલોજી, હેલ્થકેર અને ફાઈનાન્સ જેવા સેક્ટરોને પણ ભારે ફટકો લાગશે.

## અરબ સાગરમાં વાવાઝોડું 'શક્તિ' સક્રિય થયું છે, જે હાલ ઓમાન તરફ આગળ વધી રહ્યું છે

# ૬ ઓક્ટોબરે ગુજરાત તરફ ફંટાશે 'શક્તિ' વાવાઝોડું, દીવ-વેરાવળના દરિયામાં કરંટ । મધ્યમ વરસાદ પડી શકે


**વાવાઝોડાને લઈને તંત્ર એલર્ટ મોડમાં છે. હવામાન વિભાગ મુજબ, 'શક્તિ' વાવાઝોડાની અસરને લઈને આગામી ૫ દિવસ ભારે પવન ફૂંકાવવાની સાથે હળવા વરસાદની શક્યતા છે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અરબ સાગરમાં વાવાઝોડું 'શક્તિ' સક્રિય થયું છે, જે હાલ ઓમાન તરફ આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ મુજબ, વાવાઝોડું શક્તિ ૬ ઓક્ટોબરથી ગુજરાત તરફ યુ-ટર્ન લે તેવી શક્યતા છે, ત્યારે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો સહિતના સ્થળે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. દીવ-રાવળ, દ્વારકા સહિત સૌરાષ્ટ્રના દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે, ત્યારે વાવાઝોડાને લઈને તંત્ર એલર્ટ મોડમાં છે. હવામાન વિભાગ મુજબ, 'શક્તિ' વાવાઝોડાની અસરને લઈને આગામી ૫ દિવસ ભારે પવન ફૂંકાવવાની સાથે હળવા વરસાદની શક્યતા છે. જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ભારે વરસાદ પણ થઈ શકે છે. ૮ ઓક્ટોબરે જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, સુરત, નવસારી, વલસાડ જિલ્લામાં હળવાથી સારો એવો વરસાદથી સંભાવના છે.

ભારતીય હવામાન વિભાગ મુજબ, અરબ સાગરમાં સર્જાયેલું વાવાઝોડું 'શક્તિ'ની અસર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં વર્તાઈ શકે છે. વાવાઝોડાના કારણે સૌરાષ્ટ્રના દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે, ત્યારેેંસ્હએ માછીમારોને દરિયામાં ન જવા સૂચના આપી છે. જેમાં ગીર સોમનાથના વેરાવળ, દેવભૂમિ દ્વારકા, દીવ સહિતના દરિયામાં ભારે પવન સાથે મોજાં ઉછળી રહ્યા છે.

અરબી સમુદ્રમાં તીવ્ર ચક્રવાત વાવાઝોડું 'શક્તિ' છેલ્લા ૬ કલાક દરમિયાન ૧૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ દક્ષિણપશ્ચિમ તરફ આગળ રહ્યું છે. રવિવારે (૫ ઑક્ટોબર, ૨૦૨૫)ના રોજ ભારતીય સમય મુજબ ૧૧૩૦ કલાકે ઓમાનથી લગભગ ૨૧૦ કિ.મી. દક્ષિણપૂર્વ તરફ પ્રયાણ કરી રહ્યું છે. ૬ ઑક્ટોબરની સવાર સુધીમાં શક્તિ વાવાઝોડું પશ્ચિમ દક્ષિણપશ્ચિમ તરફ આગળ વધવાનું શરૂ રાખશે અને ધીમે-ધીમે ચક્રવાતી તોફાનમાં ફેરવાશે. ત્યારબાદ ફરી યુ-ટર્ન લેશે અને પશ્ચિમ મધ્ય અને નજીકના ઉત્તરપશ્ચિમ અરબી સમુદ્ર પર લગભગ પૂર્વ તરફ આગળ વધશે. જ્યારે ૭ ઑક્ટોબર બપોર સુધીમાં વાવાઝોડું નબળું પડીને ડિપ્રેશનમાં ફેરવાઈ તેવી શક્યતા છે.



સાયક્લોનિકના નામ રાખવાની એક ખાસ પ્રક્રિયા છે. જેમાં બંગાળની ખાડી અને અરબ સાગરમાંથી આવતા તૂફાનોના નામ રાખવાની સિસ્ટમ વર્ષ ૨૦૨૪માં શરુ થઈ હતી. આ સિસ્ટમમાં ભારત, બાંગ્લાદેશ, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલૅન્ડ જેવા દેશ સામેલ છે. સાયક્લોનિક 'શક્તિ'નું નામ શ્રીલંકા દ્વારા અપાયું છે. આ એક તમિલ શબ્દ છે જેનો મતલબ 'તાકાત' થાય છે. વાવાઝોડાના નામ રાખતી વખતે કેટલાક નિયમોનું પાલન કરવામાં આવે છે. જેમ કે, નામ અપમાનજનક ન હોવું જોઈએ. નામ ટૂંકું અને સરળ હોવું જોઈએ. એક વાર ઉપયોગ થઈ ગયા પછી તે નામનો ફરીથી ઉપયોગ ન કરવો જોઈએ, વગેરે.

## યુનિવર્સિટી સાથે સંલગ્ન ૨૩૫ કોલેજોમાંથી માત્ર ૭૦ જેટલી કોલેજોએ આ મહોત્સવમાં ભાગ લેવાની તૈયારી દર્શાવી





અરબ સાગરમાં વાવાઝોડું 'શક્તિ' સક્રિય થયું છે, જે હાલ ઓમાન તરફ આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ મુજબ, વાવાઝોડું શક્તિ ૬ ઑક્ટોબરથી ગુજરાત તરફ યુ-ટર્ન લે તેવી શક્યતા છે, ત્યારે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો સહિતના સ્થળે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. દીવ-રાવળ, દ્વારકા સહિત સૌરાષ્ટ્રના દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે, ત્યારે વાવાઝોડાને લઈને તંત્ર ઍલર્ટ મોડમાં છે. હવામાન વિભાગ મુજબ, 'શક્તિ' વાવાઝોડાની અસરને લઈને આગામી ૫ દિવસ ભારે પવન ફૂંકાવવાની સાથે હળવા વરસાદની શક્યતા છે. જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ભારે વરસાદ પણ થઈ શકે છે. ૮ ઑક્ટોબરે જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, સુરત, નવસારી, વલસાડ જિલ્લામાં હળવાથી સારો એવો વરસાદથી સંભાવના છે.

ભારતીય હવામાન વિભાગ મુજબ, અરબ સાગરમાં સર્જાયેલું વાવાઝોડું 'શક્તિ'ની અસર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં વર્તાઈ શકે છે. વાવાઝોડાના કારણે સૌરાષ્ટ્રના દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે, ત્યારેેંસ્હએ માછીમારોને દરિયામાં ન જવા સૂચના આપી છે. જેમાં ગીર સોમનાથના વેરાવળ, દેવભૂમિ દ્વારકા, દીવ સહિતના દરિયામાં ભારે પવન સાથે મોજાં ઉછળી રહ્યા છે.

અરબી સમુદ્રમાં તીવ્ર ચક્રવાત વાવાઝોડું 'શક્તિ' છેલ્લા ૬ કલાક દરમિયાન ૧૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ દક્ષિણપશ્ચિમ તરફ આગળ રહ્યું છે. રવિવારે (૫ ઑક્ટોબર, ૨૦૨૫)ના રોજ ભારતીય સમય મુજબ ૧૧૩૦ કલાકે ઓમાનથી લગભગ ૨૧૦ કિ.મી. દક્ષિણપૂર્વ તરફ પ્રયાણ કરી રહ્યું છે. ૬ ઑક્ટોબરની સવાર સુધીમાં શક્તિ વાવાઝોડું પશ્ચિમ દક્ષિણપશ્ચિમ તરફ આગળ વધવાનું શરૂ રાખશે અને ધીમે-ધીમે ચક્રવાતી તોફાનમાં ફેરવાશે. ત્યારબાદ ફરી યુ-ટર્ન લેશે અને પશ્ચિમ મધ્ય અને નજીકના ઉત્તરપશ્ચિમ અરબી સમુદ્ર પર લગભગ પૂર્વ તરફ આગળ વધશે. જ્યારે ૭ ઑક્ટોબર બપોર સુધીમાં વાવાઝોડું નબળું પડીને ડિપ્રેશનમાં ફેરવાઈ તેવી શક્યતા છે.

સાયક્લોનિકના નામ રાખવાની એક ખાસ પ્રક્રિયા છે. જેમાં બંગાળની ખાડી અને અરબ સાગરમાંથી આવતા તૂફાનોના નામ રાખવાની સિસ્ટમ વર્ષ ૨૦૨૪માં શરુ થઈ હતી. આ સિસ્ટમમાં ભારત, બાંગ્લાદેશ, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલૅન્ડ જેવા દેશ સામેલ છે. સાયક્લોનિક 'શક્તિ'નું નામ શ્રીલંકા દ્વારા અપાયું છે.

---

### નવી શાળાઓ બનાવવા રાજય સરકાર ગ્રાન્ટ આપશે

# મ્યુનિસિપલ સ્કૂલબોર્ડ સંચાલિત અમદાવાદની ૩૨ પતરાવાળી શાળા તોડી નવી શાળા બનાવાશે

**૩૨ પતરાવાળી શાળાઓ આવેલી છે, આ શાળાઓના ૧૭૯ ઓરડાઓમાં ૯૭૫૩ બાળકો અભ્યાસ કરે છે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અમદાવાદના વિવિધ વોર્ડ વિસ્તારમાં મ્યુનિસિપલ સ્કૂલબોર્ડ સંચાલિત ૩૨ પતરાવાળી શાળાઓ આવેલી છે. આ શાળાઓ તોડી પાડી નવી શાળા બનાવવા રાજય સરકાર ગ્રાન્ટ આપશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવી શાળાઓ બનાવવા ટૂંક સમયમાં ટેન્ડર કરવામા આવશે.શહેરના ઉત્તરઝોન ઉપરાંત મધ્ય અને પૂર્વ અને દક્ષિણ ઉપરાંત દક્ષિણ-પશ્ચિમ ,પશ્ચિમએમ કુલ છ ઝોનમાં નગર પ્રાથમિક શિક્ષણ સંચાલિત ૩૨ પતરાવાળી શાળાઓ આવેલી છે. આ શાળાઓના ૧૭૯ ઓરડાઓમાં ૯૭૫૩ બાળકો અભ્યાસ કરે છે.સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહયુ, ૩૨ પૈકી ૬ શાળા



ભાડાની જગ્યામાં ચલાવાઈ રહી છે. આ તમામ શાળાઓ તોડી નવી શાળાઓ બનાવવા રાજય સરકાર તરફથી મંજૂરી મળી ગઈ છે.ટેન્ડર પ્રકીયા પછી તબકકાવાર શાળાનુ બાંધકામ શરુ કરાશે. અમદાવાદના વિવિધ વોર્ડ વિસ્તારમાં મ્યુનિસિપલ સ્કૂલબોર્ડ સંચાલિત ૩૨ પતરાવાળી શાળાઓ આવેલી છે. આ શાળાઓ તોડી પાડી નવી શાળા બનાવવા રાજય સરકાર ગ્રાન્ટ આપશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવી શાળાઓ બનાવવા ટૂંક સમયમાં ટેન્ડર કરવામા આવશે.શહેરના ઉત્તરઝોન ઉપરાંત મધ્ય અને પૂર્વ અને દક્ષિણ ઉપરાંત દક્ષિણ-પશ્ચિમ ,પશ્ચિમએમ કુલ છ ઝોનમાં નગર પ્રાથમિક શિક્ષણ સંચાલિત ૩૨ પતરાવાળી શાળાઓ આવેલી છે. આ શાળાઓના ૧૭૯ ઓરડાઓમાં ૯૭૫૩ બાળકો અભ્યાસ કરે છે.સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહયુ.

---

### સમગ્ર મામલે અનેક રજૂઆત કરી છતાં યોગ્ય નિકાલ કે વિચારણ કરવામાં આવી નથી

# 'પાયમાલ કરતો વિકાસ નથી જોઈતો!', હિંમતનગરમાં HUDAની યોજના સામે ૧૧ ગામના ખેડૂતોનો ઉગ્ર વિરોધ

**સમગ્ર મામલે અનેક રજૂઆત કરી છતાં યોગ્ય નિકાલ કે વિચારણ કરવામાં આવી નથી. આ મામલે યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે.'**

। પ્રતિનિધિ, સાબરકાંઠા, તા.૫ ।

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ૧૧ ગામડાંના ખેડૂતો-ગ્રામજનો છેલ્લા એક મહિનાથી હિંમતનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની વિકાસ યોજનાને લઈને વિરોધ નોંધાવી રહ્યા છે. ઉગ્ર આંદોલન પર ઉતરેલા ખેડૂતોના આક્ષેપ છે કે,HUDAની કામગીરીથી ખેડૂતોની જમીન કપાતમાં જશે. સમગ્ર મામલે હિંમતનગરના બેરણા ગામમાં રવિવારે (૫ ઓક્ટોબર) HUDAની વિકાસ યોજનાના વિરોધમાં ખેડૂતો-ગ્રામજનોએ બેસણું યોજ્યું હતું. હિંમતનગરમાં HUDAની યોજના સામે ૧૧ ગામના ખેડૂતોનો ઉગ્ર વિરોધ

મળતી માહિતી મુજબ, હિંમતનગરમાં છેલ્લા ઘણાં દિવસોથી HUDAને લઈને ગ્રામજકો અને ખેડૂતો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. જેમાં ૧૧ ગામના લોકો એકઠા થઈને HUDAની વિકાસ યોજનાનું બેસણું





કર્યું, આ દરમિયાન મોટી સંખ્યામાં હાજર બહેનોએ HUDAના નામના છાજિયાં લીધા હતા. તમને જણાવી દઈએ કે, અગાઉ દશેરાના દિવસે HUDAનું દહન કર્યું હતું.

ખેડૂતો-ગ્રામજનોનું કહેવું છે કે, 'હિંમતનગરમાં HUDAની વિકાસ કામગીરીને લઈને બહાર પાડેલા નોટિફિકેશને ધ્યાને લેતાં આ યોજનાના અમલથી ખેડૂતોની ખેતીલાયક જમીનનો મોટો હિસ્સો કપાતમાં જઈ રહ્યો છે. જેથી પાયમાલ કરતો વિકાસ, અમને જોઈતો નથી. સમગ્ર મામલે અનેક રજૂઆત કરી છતાં યોગ્ય નિકાલ કે વિચારણ કરવામાં આવી નથી. આ મામલે યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે.'


---

### બે મહિના સુધી સારી રીતે રાખી હતી

# પતિને વિદેશ જવા ૨૦ લાખ આપવાની ના પાડતાં સગર્ભા પત્ની માર મારી કાઢી મૂકી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

નરોડામાં રહેતી મહિલાને પ્રેમલગ્ન કરવાનું ભારે પડયું હોવાનો વધુ એક બનાવ પ્રકાશમાં આવ્યો છે. બે મહિના સુધી સારી રીતે રાખી હતી અને ત્યારબાદ પતિના ત્રીજા લગ્ન અને અન્ય સ્ત્રીઓ સાથે સંબંધની જાણ થતાં માનસિક શારિરીક ત્રાસ આપતા હતા એટલું જ નહી પતિને વિદેશ જવા માટે રૂ. ૨૦લાખ રૂપિયા લાવવાની મહિલાએ ના પાડતાં સગર્ભા હોવા છતાં માર મારીને કાઢી મૂકી હતી. આ બનાવ અંગે નરોડા પોલીસે પતિ સહિત ચાર લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.નરોડામાં રહેતી મહિલાએ નરોડા પોલીસ સ્ટેશનમાં કૃષ્ણનગર ખાતે રહેતા પતિ સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલાને મામીના ભાઈ સાથે પ્રેમ સંબંધ થતાં બન્નેએ પ્રેમલગ્ન કર્યા હતા. લગ્ન બાદ મહિલા સાસરીમાં સંયુક્ત પરિવારમાં રહેતી હતી. જ્યાં બે મહિના સુધી સારી રીતે રાખવામાં આવી હતી.ત્યારબાદ સાસરીયા દ્વારા મહેણાં ટહોણા મારવામાં આવતા હતા પતિએ અગાઉ બે વખત લગ્ન કર્યા હતા.




---

### કેટલાક લોકોને ટ્રાફિકના ભારે દંડ સાથે ફ્રી પિત્ઝા મોંઘા પડ્યા હોય તેવો ઘાટ સર્જાયો

# અમદાવાદમાં ફ્રી પિત્ઝા માટે પડાપડી, લોકોએ આડેધડ પાર્ક કરેલા વાહનો ટ્રાફિક પોલીસ ટો કરી ગઈ

**પિત્ઝા આઉટલેટે પ્રહલાદનગરમાં પોતાની નવી બ્રાન્ચ ખોલતા પહેલાં ૧૫૦૦ ફ્રી પિત્ઝા આપવાની જાહેરાત કરી હતી**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અમદાવાદમાં અવાર-નવાર દુકાનદારો પોતાની બ્રાન્ડિંગ માટે નતનવી જાહેરાત અને સ્કીમ બહાર પાડતા હોય છે. જેને લઈને ભારે ભીડ જોવા મળતી હોય છે. આવી જ એક ઘટના ફરી એકવાર સામે આવી છે. જ્યાં એક પિત્ઝા આઉટલેટે પ્રહલાદનગરમાં પોતાની નવી બ્રાન્ચ ખોલતા પહેલાં ૧૫૦૦ ફ્રી પિત્ઝા આપવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત બાદ લોકો આ સ્કીમનો લાભ લેવા માટે ઉમટી પડ્યા હતા. જોકે, અહીં એટલી ભીડ થઈ ગઈ હતી કે, લોકોના વાહન પાર્કિંગની પણ વ્યવસ્થા થઈ શકી નહોતી, જેને લઈને ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી. આ અવ્યવસ્થાની જાણ થતા ટ્રાફિક પોલીસની ટોઈંગ વેન ત્યાં આવી હપોંચી હતી અને આડેધડ પાર્ક કરેલા વાહનોને ટો કરવામાં આવ્યા હતા. જેથી કેટલાક લોકોને ટ્રાફિકના ભારે દંડ સાથે ફ્રી પિત્ઝા મોંઘા પડ્યા હોય તેવો ઘાટ સર્જાયો હતો.મળતી માહિતી મુજબ, એક પિત્ઝા આઉટલેટે પ્રહલાદનગરમાં પોતાની દુકાનના ઓપનિંગ વખતે ઓફર જાહેર કરી હતી કે, તેઓ પહેલાં ૧૫૦૦ પિત્ઝા ફ્રીમાં આપશે. ઓફરની જાણ થતા અનેક લોકો



સ્કીમનો લાભ લેવા ઉમટ્યા હતા. એક વ્યક્તિને એક બોક્સ આપવાની સ્કીમ હોવાથી અનેક લોકોની દુકાનની બહાર મેળા જેવી ભીડ જામી હતી. આ સિવાય સ્કીમનો લાભ લેવા આવેલા લોકો માટે પાર્કિંગ પણ ખૂટી પડ્યું હતું, જેના કારણે લોકો નો પાર્કિંગમાં વાહન પાર્ક કરીને ફ્રી પિત્ઝા લેવા ઊભા રહી ગયા હતા.

જોકે, નવાઈની વાત એ છે કે, આડેધડ પાર્કિંગ દૂર કરવા અમદાવાદ ટ્રાફિક પોલીસની ટીમ પણ એક્ટિવ થઈ ગઈ હતી. ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે આડેધડ પાર્ક કરેલા વાહનો ટોઈંગ ટીમ ઉપાડી ગઈ હતી. જેના કારણે અનેક લોકોએ ફ્રી પિત્ઝાની સામે નો-પાર્કિંગનો ભારે દંડ ચૂકવવો પડ્યો હતો. આમ, અનેક અમદાવાદીઓને પિત્ઝા તો મફત મળ્યા પરંતુ, પિત્ઝાની લાલચમાં ટ્રાફિક નિયમ તોડવાના કારણે એક પિત્ઝા પર સારો એવો દંડ ભોગવવો પડ્યો હતો. અમદાવાદમાં અવાર-નવાર દુકાનદારો પોતાની બ્રાન્ડિંગ માટે નતનવી જાહેરાત અને સ્કીમ બહાર પાડતા હોય છે. જેને લઈને ભારે ભીડ જોવા મળતી હોય છે.

લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ




પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya